હલામણ જેઠવો



હલામણ જેઠવો

અને

સતિ સોન

(ત્રીઅંકી નાટક)

પ્રસિદ્ધ કર્તા

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

ત્રણ દરવાજા—અમદાવાદ.

સંવત ૧૯૮૬ સને ૧૯૩૦

આવૃત્તિ ૪ થી પ્રત ૬૦૦૦

મુદ્રણસ્થાન : આદિત્યમુદ્રણાલય : રાયખડરોડ, અમદાવાદ.

મુદ્રક : ગજાનન વિશ્વનાથ પાઠક

કીંમત ૦-૮-૦

હલામણ જેઠવો
અને
સતિ સોન રાણી.

અંક પહેલો.

સ્તુતી

વિનવીએ શ્રી હરી, (૨) અહી આધાર આહોનીશ.
રહે હૃદય વાસ કરી   વીન૦
અરી દળને તું અબળ કરીને સુખ શાન્તી દે ભરી.   વીન૦
નીચ નરોને નષ્ટ કરી દે દાસો પર કર ધરી   વીન૦

સુત્રધાર—વાહ! વાહ!! કલી શું તારી પ્રાબલ્યતા! શું તારી સત્તા! ને શું તારૂં બંધન! કે તારા પાસલામાં આવી ગયેલા મનુષ્યો શું શું કાર્યો નથી કરતા! પીતા અને પુત્ર, માતા અને પુત્રી, સાસુ અને વહુ અને છેવટે એક માતાના ઉદરથી જન્મ પામેલ સહોદાર તેઓમાં પણ તે સંપ રહેવા દીધો નથી તેમજ તમામ મનુષ્યોના મન મલીન કરી શુદ્ધ વૃત્તિનો ત્યાગ કરાવ્યો! હાલના પુરૂષો અને સ્ત્રીઓ વિષયાંધ બની કેવા કુકૃત્યો કરી

સ્વર્ગનું સુખ પરહરી નર્કના અધિકારી બને છે ? ઓ પવિત્ર દયાળુ ભારતભુમી માતુશ્રી ! તને કાંઇ પણ દયા નથી આવતી ! શું તું પહેલા હતી તે જ છે કે બીજી !

નટી—તેજ નાથ ! તે ભુમી પોતે છે, ભુમી બદલી નથી ફક્ત રૂપાંતર થયેલ છે. શુરવીર રાણા પુરૂષો છુપાઇ ગયા. વિષયાંધ પાપી નરો પ્રગટ થયા. જેઓના દર્શન નહી કરવા ભુમી માતાએ શ્યામ પડદો ગ્રહણ કર્યો છે પણ ધીરજ ધરો "**સત્યમેવ જયતિ**" આખર સત્યનો જય છે. તે શ્યામ પડદો ધીરે ધીરે દુર ફેંકી સુવર્ણ-મય કાન્તિ ધારણ કરશે પણ કહો તો ખરા કે આજે નાયક મંડળ-ને સુશોભિત કરી કયો પ્રયોગ કરવા ઉત્કંઠા ધારી છે.

સુત્રધાર—સત્ય છે પ્રિય ! હું પણ તે જ પ્રયોગની ઉત્કંઠા ધરૂં છું. ધુમલીના મહારાજા હલામણ જેઠવા નામનો અપૂર્વ ખેલ આર્યો સમક્ષ ભજવી બતાવી, તેઓના મન આલ્હાદમય કરવા આશા છે કે જેમાં નીતિ અને અનીતિ બન્ને પક્ષથી પરીણામ શું આવે છે તે આબેહુબ ચીતાર પ્રત્યક્ષ દષ્ટિગોચર થવાથી સુજ્ઞ જનોના મનને આનંદ થશે આમ ધારી એ પ્રયોગ ભજવવા ઉત્કંઠા છે તેમાં તારી શી મરજી છે ?

નટી—વાહ ! વાહ ! પ્રાણેશ ! આપ શું મને બનાવો છો. આપ મારા માથાના મુગટ છો. હું તો આપના ચરણની દાસી છું. આપના હુકમને અનુસરી કાર્ય કરવાવાળી ગુલામડી છું તો મારી મરજી આપ-નાથી વિરૂદ્ધ હોય તો કદી બને જ કેમ ?

સુત્ર—ધન્ય છે પ્રીયે, તમે જાઓ, તમામ પાત્રોને તૈયાર કરો ત્યાં હું આવું છું.

નટી—આ ચાલી પ્રાણેશ ! (જાય છે)

સોમદેવ ત્રોટક છંદ

પરમાર નરેશ પ્રતાપ લહી, પ્રતિદિન રહી સુખ શાન્તિ નહી,
રવી તુલ્ય પ્રકાશીત રાજ કરો, નિત આનંદ ઓઘ મહી વિચરો.
સર્વ મર્દ જીવો શુભધારી ગતિ, નિત્ય ન્યાય બનો ધરી શુદ્ધ મતી
પરમાર્થ પંથે પળો નૃપતિ, અરી પુંજ દળો બળધારી અતી.
દુઃખ ટાલનનારીની સંગ રહી, ભવ સિંધ તરો સુખ નાવગ્રહી.
પરિપૂરણ પુત્રનું સુખલહી વિચારો જગમાં જય શબ્દ ગ્રહી,
ઉદધી તનથી ગ્રહ વાસ વસો, કીરતી કમળો અતી સેવી કસો;
કહું એટલી આશાશ હું મુખથી નૃપરાજ ! સ્વિકારી લીયો સુખેથી.

પ્રવેશ ૧ લો.

સ્થળ રાજસિંહની કચેરી.

પાત્ર—રાજસિંહ, પ્રધાન સોમદેવ, ચોપદાર વિગેરે.

ચોપદાર—આસ્તે કદમ મુલાકાસ્તે કદમ સોનેકી છડી રૂપેકી મશાલ, જરીયનકે તોરે, ગૌબ્રાહ્મણ પ્રતિપાળ બાલભા મહારાજાને ઘણી ખમા.

પ્રધાન—મહારાજા અભીવંદન કરૂં છું.

રાજસિંહ—કલ્યાણ અસ્તુ.

પ્રધાન—શાણા રાજેંદ્ર આપની મુખમુદ્રા શોકમય ભાસ-

વાનું પ્રયોજન સમજાતું નથી તો કૃપા કરી સેવકને કહી આભારી કરશો.

રાજસિંહ—મારા વહાલા પ્રધાનજી! હું તમારાથી કોઇપણ વાત છુપી રાખવાને ઇચ્છતો નથી તો વહાલા તમે સમજો છો કે

દોહરો.

ચલનો ભલો ન કોશકો, દુહિતા ભલી ન એક,
માગવો ભલો ન બાપકો, જો પ્રભુ રખાવે ટેક.

તેમજ આગણી સોનબા યોગ્ય ઉમરે પહોંચી છતાં પોતાની વેવીશાળની હા કહેતી નથી. મારે પુત્ર નથી તો આ એકજ પુત્રીને વિશેષ કરીને દુઃખ ઉત્પન કરવા મારી ઇચ્છા થતી નથી ને એકજ વિચારમાં દીનરાત વ્યતીત કરૂં છું.

પ્રધાન–મહારાજા બેન ઘણાં સમજુ અને ડાહ્યા છે જેથી તેમને તમેઃ સમજાવીને કહેશો કે તુરત તે હા પાડશે માટે નિશ્ચિંત રહો.

ચોપદાર—મહારાજા સાહેબ કોઇ વીદેશી બ્રાહ્મણ આવેલ છે. અંદર આવવા રજા માગે છે. શી આજ્ઞા છે?

રાજસિંહ—આવવા દ્યો ખુશીથી.

ચોપદાર—જેવી આજ્ઞા (જાય છે) (સોમદેવ પ્રવેશ કરી)

સોમદેવ— **ગીતી.**

સુખ સંપતી સઉ પામો, અરીદળ નષ્ટ થજો જે જગમાંહી;
વંશ વૃદ્ધિ બહુ જામો, દુખ દ્રષ્ટિએ આવી કદી નાહી.

રાજસિંહ—પધારો ભુદેવ! આપને પ્રણામ કરૂં છું. કહો શું પ્રયોજનથી આપનું આગમન થયું છે તે કૃપા કરી કહો.

સોમદેવ—મહારાજા! હું બાળવયથી કાશીક્ષેત્ર જેવા પવિત્ર

ગામમાં રહી વિદ્યાભ્યાસ કર્યો ને આજ પર્યંત સુધી તેજ કાર્ય શરૂ રાખ્યુ. પરંતુ દેહનું સાર્થક કર્યું નહી જેથી હવે—

(હું અટન કરૂ છું દેશમાં)

હું અટન કરૂં છું દેશમાં કેવળ પરમારથ કાજ,
નથી લેશ માત્ર (૨) મુજ સ્વારથ સુણ મહારાજ. ટેક.
શુભ આર્ય તણો (૨) કરવા સણી તુલ્ય પ્રકાશ
બોધક થઇ જગમાં ફરૂં કુમતીનો કરવા નાશ
શુરીવર ધીર (૨) જે યતી અને નરરાજ ૨
શુભ ન્યાય કરી (૨) નીતિથી ચલાવે રાજ
પ્રેમ ધરી પાળે પ્રજાને બાંધે સુધરમતી પાજ,
નીજ નગ્રમહી (૨) સ્થાપે નીત્ય નવીન સમાજ ૩
દુરબળ જનને (૨) આપે વિદ્યાનું દાન,
ઉદ્યમ ધૈર્યતાનું પ્રતીદીન કરાવે પાન
જન જેહ થકી (૨) તજી દુઃખ પામે સુખ સાજ ૪

રાજસિંહ—ધન્ય છે મહારાજ આપની પરોપકાર વૃત્તિને. આપ સુખેથી અહીં રહો, તમારાં સરખુ કાર્ય આવશે ત્યારે કહીશું. પ્રધાનજી મહારાજની આજ્ઞા.

રાજસિંહ—પ્રધાનજી ! હવે પુજાનો વખત થયો છે કચેરી બરખાસ્ત કરો.

ચોપદાર—કચેરી બરખાસ્ત નીગારખો મહેરબાન સલામ.

પ્રવેશ ૨ જો.

સ્થળ સોનનો મહેલ.

પાત્ર—સોન, તેની દાશીઓ, પાછળથી તેમની માતુશ્રી.

સોન—મારા પ્રાણુથી વહાલી પારવતી તમો બન્ને દાસીઓ વિના મારાથી પળ પણ રહેવાતું નથી. જ્યારે તમોને જોઉં ત્યારે શાંતિ પામું છું.

પારવતી—બા આપને એમજ ઘટે પરંતુ આપતું શરીર દીન પ્રતિદીન કૃશ થતું જાય છે, તેનું કારણ શું! વળી બા આપના વેવીશાળ વિષે હરવખત ના કહો છો તે શું સારૂ ગણાય; માતપિતા દુઃખ પામે છે માટે હવે તો જો હા પાડો તો બહુ સારૂ.

સોન—સખી શું હા કહું! જેને આખી જીંદગી અર્પણ કરવી, જેના સુખદુઃખના સાથી થવું ને જેને આ શરીરનો કુલ મુખત્યાર બનાવવો તે જો મુર્ખ યા વિદ્યાહીન મળે તો તે પછી તેના જેવું બીજું દુખ કયું! તે કરતાં સમગ્ર જીંદગી કુમારીકા વ્રત ગ્રહણ કરી વ્યતીત કરવી તે શું ખોટુ?

પાર્વતી—ત્યારે શું આ ઉત્તમ દેહ એમજ ગુમાવવો?

સોન—ત્યારે શું કરવું! સખી સાંભળ-

સોન— (રાગ કાફી)

જીવિત જાઉં હારી સખી હું મુરખ મળે જો ભરથાર—ટેક૦
નૃપતી વરગમાં હું નહિ દેખું વિદ્ય વિનય લગાર
વ્યભિચારી અવિચાર ભરેલા ગુણના હિન ગમાર
નહિ ઉર લાજ લગાર જીવિત૦

ખાત્રી નહી ક્ષત્રીવટ ઉપર દુર વ્યસને લાચાર,
કુ કુસંગી કપુત કુકરમી આજ છે ભુપ અપાર-
ધરે ન ધરમ પર પ્યાર જીવિત૦
પુરણુ ક્ષત્રી પવિત્ર પરાક્રમી મળશે જોતાં હજાર.
પામીએ રત્ન પ્રયત્ન વિના નહિ અવર પરે આધાર.
બને ન સ્વકરથી લગાર જીવિત૦

લક્ષ્મી— (રાગ કાફી)

સખીરે સફળ થશે મન ધાર્યું
નહીં કરે તાત કદી કામ અવિચાર્યું–ટેક
ભણેલ છો તમે અપાર શાસ્ત્ર ધીર ધારી
વિવેકમાં વિશેષ રૂપમાં અશેષ પ્યાર,
તમામ વાત તાતને વિદીત તે તમારી સખીરે૦
તમે સદાય પ્યારથી રસમાં સ્વધર્મ ધારી.
અનીતીને વિસારી પ્રીતી નીતિમાં વધારી,
સદાય દેવની સુટેવ છે તમારી સખીરે૦
અપાર ભાવની ભરેલ ભક્તિ જોઇ ભારી
કરી લીયે ન લેશ ક્લેશ આપને મુરારી
દિપાવશે પતિવ્રતાનું નામ પુરણુ પ્યારી સખીરે૦

સોન— રાસડો

શીર આવે સંકટ અપાર છોને સખી શાણીરે
પણ મુરખ ધણીનો અહીશ ન હુંતો પાણીરે,
મળતાં મુજ સમ ભરથાર વરીશ મુજ ધારીરે
નહી તો હું વીતાવીશ દીન રહીને કુમારીરે.

કદી માત પિતા મુજ ધાર્યું નહી દે જો કરવારે
તો હું થઇશ તુર્ત તૈયાર આ તન પરહરવારે
મેં તો ધારી છે દ્રઢ કરી ટેક અંતરની માંહીરે-
તેને પુરણ કરવા કાજ રહીશ પણ અહીએ.
મુરખ નાથના હાથમાં આપીને તનમન મારૂંરે
આ સંસારનું સુખ અલભ્ય નહીં હું તો હારૂંરે
ધર્મ અર્થ શું કામને મોક્ષ પમાય આ તનથીરે
તે અકારમુ કાઢતાં કેમ વિચારૂં ન મનથીરે.
સખીરે સહુ સફળ થશે સોન સંકટ.

પાર્વતી—બેન જુઓ, સામેથી માતુશ્રી પધારે છે (રાણી આવે છે)

સોન—માતાજી ! અભિવંદન કરૂં છું.

રાણી—કલ્યાણ બેટા.

સોન—માતુશ્રી આપને તસ્દી લઇ અહી પધારવાનું શું પ્રયોજન છે તે જરા કૃપા કરી કહેશો. ?

રાણી—મહારી વહાલી સોન, તારા વેવીશાળ વિષે તારા પિતાએ મને પુછવા મોકલી છે. જો કે આવી વાત બાળકોને પુછીને કદી થતી નથી, પરંતુ તું અમારે એકજ પુત્રી છે જેથી તારા વિરૂદ્ધ પગલું ભરવા તારા પિતાશ્રીની મરજી નથી જેથી તું ખુશીથી હા કહે કે અમારી જીજ્ઞાસા પુર્ણ થાય. મન ગમતા લગ્ન કરી આનંદ માનીયે.

સોન—માતુશ્રી આપનું કહેતું યથાર્થ છે. પરંતુ મારી ઇચ્છા લગ્ન કરવાની નથી. તમો મારા હીતચીંતક છો, મારા બુરાથી કદાપી ખુશ ના હો; પરંતુ મારા પર રહેમ દ્રષ્ટિ કરી તે વાત છોડી દ્યો. કારણકે—

સોન—પદ (નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ રાગ)

નથી મુને વર વરવા તણી મરજી
બંધ રાખો સંબંધ સુણી અરજી—નથી.
મળશે નહીં સમ મન ભાવત સત્ય વિચાર છે એ તો,
માટે કુમારીકાવ્રત સત્ય ધરી રહેવા વિચાર્યું છે મેં તો—નથી.
લેશ કલેશ નહીં નહીં ઉર ઉર ધારશો ગણી મુજ વચન નઠારૂં
ઉભય ગતીથીં ભ્રષ્ટ બનીને કેમ જીવીત કહો હારૂં.—નથી.

રાણી— (રાગ ઉપરનો.)

અરે આ શું વચન વદે પુત્રી મારી, થઇ ભ્રષ્ટ મતી કેમ તારી
કઠણ કુમારીકા વ્રત ગ્રહી રહેવું, પલ પલમાં ભય ભારી:
સત્ય અસત્ય કહે કોઇ જન તો, આબરૂ જો જાએ અમારી—અરે૦
સાંભળે આ વાત પીતા તુજ, તો કહે પુત્રી નઠારી,
નિંદા થશે નૃપ વર્ગની માંહી, વાલી તું જોને વિચારી. અરે૦

(રાગ પીલનો ગરબો)

અઘટીત કર્મ કદી ન કરાયે
વાલી વિચારને જો દીલ માંયે—ટેક
ગોહિલ એ ગુણીયલ વર તાકે
નહિં કરૂં મુરખ સંગ સગાઈ અઘટીત૦
વીકટ અતિ રજપુતોની રીત જાતથી સંબંધ ન થાયે;
અન્ય પ્રયત્નથી રત્ન સમો વર, શોધીશ સત્ય કહું સમ ખાઈ

બેટા! જરા વિચાર કર, તું કુમારીકાવ્રત ધારણ કરી રહે પરંતુ દુનિયામાં અમારી આબરૂને બટો લાગે તેનો વિચાર કર.

સોન—માતુશ્રી! જો આપનો આગ્રહ છે તો લાચાર છું. પરંતુ

મેં એક સમસ્યા અર્ધું પદ બનાવેલ છે તે જે રાજપૂત્ર પુરૂં કરશે તેની સાથે હું ખુશીથી લગ્ન કરીશ.

રાણી—વાહ! વાહ! ઘણીજ ખુશીથી લાવ લખી આપ હાલજ જઇને આપણા સોમદેવ ગોરને દેશો દેશના રજવાડામાં મોકલું છું

સોન—દાસી અંદરથી કાગળ ખડીયો લાવ.

પાર્વતી—લાવું છું બા (અંદરતી દાસી ખડીયો લાવે છે. સોન નીચે પ્રમાણે લખે છે)

ઘણ વણ ઘડયાં એરણને અડયા નહીં

સોન—લ્યો માતુશ્રી! આ સમસ્યા પુરણ કરનાની સાથે મારૂં વેવીશાળ ખુશીથી કરવું.

રાણી—બહુ સારૂં બહેન હવે હું રજા લઉં છું.

સોન—ખુશીથી પધારો (રાણી જાય છે) પાર્વતી! હવે મારે પુજન વખત થયો છે માટે ચાલો દેવને મંદીર જઇએ.

પાર્વતી—પધારો બા સાહેબ રથ તૈયાર છે (સઉ જાય છે)

પ્રવેશ ૩ જો.

પાત્ર—રાજસીંહ, રાણી, સોમદેવ, દાસી વીગેરે.

રાણી—દાસી, હજુસુધી મહારાજા કેમ પધાર્યા નહી હોય.

દાસી—બાઇ સાહેબ, કદાચ રાજ કારોબારમાં વીશેષ કામને લીધે રોકાયા હશે. હમણા પધારવા જોઇએ (સામે જોઇ) જુવો આ મહારાજા પધારે છે (રાજસીંહ આવે છે.)

રાણી—પ્રાણનાથ! અભિવંદન કરૂં છું.

રાજસીંહ—સરસ્વતી તુલ્ય પ્રાણવલ્લભા, પ્રીયે! મુખમુદ્રા કંઈ આનંદીત જણાય છે.

રાણી—પ્રાણેશ! આનંદમાત્ર એજ કે સોનબાએ પોતાના વેવીશાળ વીશે હા કહી ને આ એમ અર્ધ દોહો બનાવી આપ્યો છે તો જે શમશ્યા પુરણ કરે તેની સાથે પાણી ગ્રહણ કરવું કહે છે.

રાજસીંહ—વાહ વાહ! ઘણીજ ખુશીની વાત (દાસી પ્રત્યે) દાસી જા જલ્દી, આપણા સોમદેવ મહારાજાને જલદી બોલાવી લાવ.

દાસી—જેવી આજ્ઞા (દાસી જાય છે)

રાણી—પ્રાણેશ સોનબાએ વેવીશાળની હા કહી જેથી મારા મનના આનંદનો પાર રહ્યો નથી. આપણી એકજ પુત્રીનું લગ્ન કરી ક્યારે કૃતાર્થ બનું એવી આશા આહોનીશ હૃદયમાં રમી રહી તે જગકર્તા પુરી પાડવા નજીક આવ્યો ખરો.

રાજસીંહ—પ્રીયે! તમારા કરતાં વિશેષ મને એ ચીન્તા રહ્યા કરતી પરંતુ એકની એક પુત્રી તેને વીશેષ કહી દુઃખ ઉત્પન્ન કરવા મારી મરજી નહોતી પણ છેવટ પોતાના મનથી સમજી તે સારૂ થયું, (પ્રવેશ કરી)

સોમદેવ—જય થાઓ મહારાજાનો.

રાજસીંહ—પધારો ભુદેવ (આસન આપી બેસાડે છે)

સોમદેવ—કહો મહારાજા મને શી આજ્ઞા છે?

રાજસીંહ—મહારાજ! આપણી સોનબાએ એક સમશ્યા બનાવી છે તે લઈને તમો રાજવાડાઓમાં જાઓ અને જે

સમસ્યા પુરણ કરે તેની સાથે બેનનું વેવીશાળ કરી જલદી આવો, પણ ધ્યાન રાખજો કે કાર્યમાં ગફલત ના થાય. તમે મારા વિશ્વાસપાત્ર માણસ છો જેથી આ કાર્ય તમનેજ સોંપવું પડે છે.

સોવદેવ—મહારાજા, દાંતને જીભની ભલામણ હોય નહી, તે તેનો ધર્મ સાચવી રક્ષણ કર્યાજ કરે છે, માટે આગળથી બોલવું નકામું છે.

રાજસીંહ—ભલે મહારાજ તમારા માટે ખરચીનો બંદોબસ્ત કરી આપું છું. આવતી કાલે રવાના થજો.

સોમદેવ—બહુ સારૂ મહારાજા. હવે હું રજા લઉં છું, લાવો સમસ્યા.

રાજસીંહ—દાસી સમસ્યા લાવી આપ (દાસી અંદરથી લાવી આપે છે) જાઓ માહારાજ સુખેથી પધારો (ગોર જાય છે)

રાણી—પ્રાણેશ ! ચાલો ભોજનશાળામાં ભોજન તૈયાર છે.

રાજસીંહ—ચાલો પ્રોયા (જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—ધુમલીમાં શીયાજીની કચેરી

પાત્ર—શીયાજી, પ્રધાન, હલામણ, ચોપદાર, સોમદેવ વિગેરે.

શીયાજી—પ્રધાનજી ! પ્રિય પુત્ર હલામણને વિદ્યાભ્યાસ પુરણ થયો કે નહી અને જો થયો હોય તો રાજકારભાર વીગેરે કાર્યમાં પ્રવર્ત કરવા મારી મરજી છે.

પ્રધાન—મહારાજા! આપનું કહેવું યથાર્થ છે. પરંતુ તેઓ હજુ સુધી કવાયતનું કામ શીખે છે. પુરણ થયે વિદીત પ્રકાશ.[ચોપદાર પ્રવેશ કરીને]

મહારાજા—બહાર કોઇ વિદેશી બ્રાહ્મણ આવેલ છે તે અંદર આવવા રજા માગે છે. ખુશીથી આવવા દ્યો. સોમદેવ (પ્રવેશ કરે છે) જય થાઓ શીયાજી જેઠવાનો.

શીયાજી—પધારો ભુદેવ. કયાંથી પધારો છો ને શું પ્રયોજન અહીં આવવું થયું છે તે કૃપા કરીને કહેશો.

સોમદેવ—મહારાજ! હું બાલંભાના મહારાજા રાજસિંહનો પુરોહીત છું. તેમને સોન કરીને એક પુત્રી છે. તેમણે એવી અટક લીધી છે કે પોતાની બનાવેલી સમશ્યા જે પુરણ કરે તેની સાથે પાણીગ્રહણ કરવું. આ કારણથી હું સમસ્યા દેશોદેશ લઇ ભટકયો પણ કોઇએ એ સમસ્યા પુરણ કરી નહિ જેથી માનવંત પ્રતાપી જેઠવાનું નામ સાંભળી અહીં આવ્યો છું.

શીયાજી—અહો સમસ્યાથી પાણી ગ્રહણ કરનાર ચતુર શાણી રૂપમાં સારી હોવી જોઇએ.

સોમદેવ—મહારાજા! રૂપની શી વાતો કરો છો. બ્રહ્માએ વિશ્રાંતને વખતે એ મનહર મુર્તિ ઘડેલી છે. આપને સાંભળવાની ઇચ્છા હોય તો સાંભળો.

સતી સોનના પદ.

સોમદેવ— (હરીગીત છંદ)

સતી સોનના પદ નખ તણી, જ્યોતિ જવાહિર તુલ્ય છે,
વળી આંગળી ચંપા કળી, પગ રક્ત કંજ અમુલ્ય છે,

છે ઓડયો અતી ગોળ નારંગી સમી દંગે ભરી,
ઘણુા મુલ્ય દ્રવ્ય છુટી છબી સમર રથ તણુા ન્યાય સમધારી. ૧
પગ પીડયો પ્રેમદા તણી રહીયા મદન ભાથા નમી,
દ્રય જાંઘુ અંઘી ઉલટી મનમથન તણી મથની સમી;
જુ ગજદ્ય કુંભી સુંઢસી વળી રંગ સ્થંભ પ્રણામ છે,
નાતંળ પુષ્ટ વિશાળ જાણે જવજ જીવણ ખાણ છે. ૨
કટિ જાણીએ મૃગરાજ નાની જક કોશ સમી ભણું,
તે વળી સુશોભીત તે પરે ધરા ત્રિવેણી સમ ગણું;
અહી વેલી પાત્ર પ્રમાણુ કોમળ પેટ છે પ્રેમદા તણું,
લખી રોમ લાજે ભાન યાએ સ્મરણમાં ઉપવન તણું. ૩
પડખાં ભલા પ્રેમદા તણા કનક પ્રક્ષ પ્રભા ગ્રહ,
ઉન્નત અતી સ્તન સ્મર તંબુની ઊપમાં લહે;
આપે અતી આનંદ સ્તન કાળાશ ભાગ તણી પ્રભા,
જાણે સુમેરૂ ઉપરે બેઠી મધુકરની સભા. ૪
છે કામ વટ નવરંગ ભુમી વૃક્ષ શુભ વામાં તણું,
કર કુંજ નગીઓ તુલ્ય મરનથ દ્રઢ ભાવથી ભણું;
કર કુંજથી પ્રગટેલ આંગળી વેદ સ્વર શોભા લહે,
જાવક ભરેલા કર નઓ મણિક ફણી ઉપમા ગ્રહે. ૫
છે પીંડ મન સીજ ચીત્ર પાકી કદળી દરસી કામળી,
દેખાય કંબુ ગ્રીવ કંઠ કપોત આકૃતીએ ભરી;
ચીબુક ત્રીજુ અમૃતફળ પર લીધુ ભ્રમરીના તુલ્ય છે,
પાકેલ બીંગ સમાન ઓષ્ટમણું પ્રવલા અમુલ્ય છે. ૬
રથના દર્શન સમુદાયમાં શોભે પ્રભા પુરણ ગ્રહી,
પાકેલ દાડમ કણુ મહી જા અરૂણ રેષા નહી;

શુક ચંચુ જેવી નાસીકા મૃગ મીન જેવા નેણ છે,
ધનશાકૃતિ ભ્રુમિત્ર નામનીદલ સામું સુખ દેણ છે. ૭
કોમળ કમળ દળ તુલ્ય સુલંગ કપોળ છે શામાતણા
છે છીપ જેવા કાન જોતી ભાન ભુલે જન ઘણા;
મુખ ચંદ્ર જેવું ચળકતું ઉપમાં ધરેલ અનેક છે,
શું વર્ણવું હું ભુપ અદભુત રૂપ રસના એક છે. ૮

શીયાજી—વાહ વાહ મહારાજ! રૂપનું વર્ણન તો બહુ સારૂં કર્યું. લાવો લાવો જોઇએ સમસ્યા (આપે છે) નથી ઉકલતી એટલે ફેંકી દઇને જાવ જાવ.

મહારાજ—આવા તે વળી શા ઢોંગ. સમસ્યા તદન ખોટી છે.

સોમદેવ—સમસ્યા ખોટી નથી તેમ આપનો પણ દોષ નથી. પણ ફક્ત મારા તકદીરનો. સમસ્યા લઇ ચાલવા જાય છે ત્યાં હલામણ પ્રવેશ કરી કેમ મહારાજ! કચેરીમાં જ નીરાશ થઇ કેમ પાછા ફર્યા.

સોમદેવ—શું કરૂં બાપલા! હું સમસ્યા લઇ આવ્યો હતો તે અહીંઆ પણ પુરી ન થઇ એટલે બારોબાર સન્યાસ ગ્રહણ કરી જંગલમાં ચાલ્યો જઇશ.

હલામણ—મહારાજ! જોઉ એ સમસ્યા (સમસ્યા લઇને) ચોપદાર ખડીઓ કલમ લાવ [ચોપદાર લાવે છે] એટલે હલામણ સમસ્યા પુરી કરી કહે છે લ્યો મહારાજ! આ સમસ્યા પુરી કરી તથા તેની સાથે તેનો જવાબ પણ. અન્નદાતા સંભળાવો તો ખરૂં કે સમસ્યા કેવી રીતે પુરી કરી.

હલામણ—સાંભળો મહારાજ. આ તમારી બાઇએ નીચેનો અરધો દોહરો લખ્યો હતો તે મેં પુરણ કર્યો છે.

દોહરો

ધણુ વણુ ઘડયા, એરણને અડયાં જ નહી;
સરવડ સ્વાંત તણા, મળે તો મોતી નીપજે.

તેની સાથે આ તેનો જવાબ.

દોહરો

માતા મેરામણ વસે, પિતા વસે કઇલાસ;
જુના જોઇતો મોફલું, નવા તો આશ્વીન માસ.

સોમદેવ—ભલે હલામણ કુંવર ! ભલે અન્નદાતા ! તમે મને જીવતો બચાવ્યો નહી તો આ કાળુ મોઢુ રાજસીંહ મહારાજને બતાવાત નહી (શીયાજી પ્રત્યે) મહારાજા ! આપના પુત્રે ખરેખર મારી આબરૂ રાખી છે. ધન્ય છે આવા વીર પુત્રોને. મહારાજા ! હવે મને રજા આપો તો હું જલદી રાજસીંહ મહારાજને ખબર આપું (સ્વાગત) અહાહા ! જે સમસ્યા મારાથી પુરી ન થઈ તે હલામણે પુરી કરી. જેના ગુણ સાંભળી મારૂ મન પરવશ થઇ ગયું છે તે ચીજનો ઉપયોગ શું હલામણ કરશે ? નહી નહી કદી નહી. મહારાજને ગમે તેમ સમજાવી તે સમસ્યાની અંદર મારૂ નામ દાખલ કરાવું. ઠીક છે, મહારાજ ! તમો અમારા મહેલે આવશો ત્યાં તમોને જે શીખ આપવી હશે તે આપીશ.

સોમદેવ—બહુ સારૂ મહારાજ.

શીયાજી—ચોપદાર ! કચેરી બરખાસ્ત કરો.

ચોપદાર—કચેરી બરખાસ્ત નીગારખો મહેરબાન સલામ.

પ્રવેશ ૫ મો.

સ્થળ—સીયાજીનો ખાનગી મહેલ.

પાત્ર—સીયાજી પાછળથી સોમદેવ વીગેરે.

સીયાજી- (ખમાંચની ઠુમરી)

સોનનું સ્વરૂપ સુણી ઉર અકળાયે,
ઉર અકળાયે મન મળવાને ધાયે,
પીતાને પ્યારી તે કેમ પુત્રથી વરાગે,
નીતિને વિચારે રત્ન હાથ થકી જાએ. સોનનું૦
મારા યોગ માનિની એ અવર શું ચાયે,
હારૂં હું જીવીત જો આ મારી નહિ થાયે. સોનનું૦
મેળવીશ માનિની એ અનંત ઉપાયે,
સત્ય કહું છું ધરી સંકલ્પ મનમાંયે. સોનનું૦

અહાહા !! કામદેવ પ્રતિમાં ! તારા સ્વરૂપના વર્ણને મારૂં મન હરણ કરી લીધું છે. કામદેવ શશીવદની સુલોચના ! જ્યારે તારા અધરામૃતનું પાન કરીશ ત્યાર હું કેવો ભાગ્યશાળી ગણાઇશ. અરે ! હું ભેંસ ભાગોળે ને ઘેર જરકડા, તેની પેઠે કેમ કરૂં છું, હજુ સોન ક્યાં સમશ્યા પુરણ કરનાર કોણ ? આવા શેખસલ્લીના જેવા વિચારો શા કામના ! [સામે જોઇને] અરે મહારાજ આવ્યા તો ખરા !

સોમદેવ—મહારાજનો જય થાઓ, લ્યો મહારાજ હવે મને જલ્દી રજા આપો કારણ કે મને બહુ દીવસ થઇ ગયા છે.

સીયાજી—મહારાજ ! રજા શું પણ તેની સાથે તમારો પણ બેડો પાર સમજોને.

સોમદેવ—મહારાજા! આનો ભાવાર્થ હું કાંઇ સમજતો નથી.

સીયાજી—મહારાજ! તમારૂં કામ છે અને તે કામ જો તમે કરશો તો તમારો બેડો પણ પાર સમજો.

સોમદેવ—મહારાજ! કરવા જેવું કામ ખુશીથી કરીશ. કહો શું કામ છે?

સીયાજી—મહારાજ કામ તો એ છે કે જે સમસ્યા હલામણ કુમારે પુરી કરી છે, તેમાંથી તેનું નામ કહાડી નાંખી મારૂં નામ દાખલ કરો એટલે તમારે પણ ભવ આખાની ભીખ માંગવી આળશા જાય.

સોમદેવ—અરર અન્નદાતા! એ આપ શું બોલ્યા. એ કાર્ય કદી બને? મહારાજા રાજસિંહને ખબર પડે અગર હલામણને ખબર પડે તો રૂપીયાને ઠેકાણે રૂપિયા રહે અને યમરાયને હવાલે પહોંચાડી દીયે. માટે એ કામ મારાથી, નહિ બને.

સીયાજી—મહારાજ! પાછળ મતી બ્રાહ્મણ ન બનો. લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે તો મુરત જોવું છોડી દીયો. મારા અને તમારા સિવાય ત્રીજું કોઇ પણ જાણનાર નથી, વળી હલામણને મારવો કે બચાવવો તે મારી મુખત્યારી ઉપર છે માટે નિઃશંકપણે આ કામ કરો. ગયો વખત ફરી નહિ આવે.

સોમદેવ—[વિચાર કરીને] મહારાજા! આમાં જીવનું જોખમ છે. આપનો અત્યાગ્રહ છે તો કામ કરવાની મારી ના નથી પણ પછી જોજો હો સ્વારથ સર્યો કે વૈદડો વેરી ન થાય, રાજાઓના વિશ્વાસ નહિ.

સીયાજી—અરે જાવ જાવ મહારાજ! એવું તે હોય. આ માથું પણ આપવાને તઇયાર છું પછી શું ?

સોમદેવ—ઠીક ત્યારે લાવો ખડીયો ને કલમ (અંદરથી ખડીયો લાવે છે) એટલે સમશ્યામાંથી હલામણનું નામ કાઢી સીયાજીનું નામ દાખલ કરે છે.

સીયાજી—(પોતાની ડોકમાંથી હાર કાઢી) લ્યો મહારાજ! હાલતો આ બક્ષીસ આપું છું પછીથી જોયું જાશે.

સોમદેવ—બહુ સારૂ, અન્નદાતા આપના પાનબીડા લઇ ચાર માણસોને ઓઝણું લઈ મારી સાથે મોકલો, અમો જ્યાં સુધી આવીએ ત્યાં સુધી ત્રીજા કાને વાત ન જાય, એ ધ્યાનમાં રાખશો.

સીયાજી—મહારાજ ! આપ નિશ્ચિત રહો. તમો રાતના ઉગમણા દરવાજા પર શંકરનું દેવાલય છે ત્યાં હાજર રહેશો ત્યાં હું મારા માણસો મોકલીશ.

સોમદેવ—બહુ સારૂં મહારાજ ! હવે હું જાઉં છું.

સીયાજી—ખુશીથી પધારજો (જાય છે).

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—હલામણનું આનંદ ભુવન.

પાત્ર—હલામણ પાછળથી વીરજી.

હલામણ—સોન સોન સદ્‌ગુણી! તારી મનહર મૂર્તિ દેખ્યા શિવાય મારા હૃદયમાં જડી દીધી છે. ભાગ્યશાળી ભામા! તારા વિયોગી પતિને ક્યારે મળી ક્યારે દીલ શાન્ત કરીશ ?

હલામણ—ગોપીચંદ ચરિત્ર તુમ સુનો મેરે સુખ રાશી—રાગ)

કરશે ક્યારે મળી દીલ શાંત હવે પ્રિય મારી,
દિલ વ્યાકુળ છે દીનરાત પેખ્યા વિના પ્યારી;
વધ્યો ઉરમાં અતિ ઉતપાત ભુવન ભવસારી,
નથી રહેતું હવે ક્ષણુવાર ધીરજ મન ધારી. કરશે૦
શુભ અશુભ લેખથી આજ ઉરે ભય પામું,
પુષ્પ હાથ થકી તો હજાર ઉચાટમાં જામું;
સુખ સાધન શ્યામાની વીણુ દીયે દુઃખ ભારી. કરશે૦
મન વલગ્યો વિરહનો રોગ ટાળ્યો કેમ ટળશે,
અન્ય ઓષધથી તો જરૂર આ પ્રાણુ નીકળશે;
સોન સુંદરી સદ્ગુણ વૈદ કહો કેદી મળશે,
મારી આવરદા એને હાથ કહું છું પોકારી. કરશે૦

પ્રિયા! વિરહાનળનો વ્યાધી શરીરમાં રોમ રોમ પ્રસરી ગયો છે. હજારો ઔષધોથી તે મટી શકનાર નથી. એ તો જ્યારે સોન સદ્ગુણી વૈદ આવી પ્રેમી વાસનો ઔષધ પાશે ત્યારે રોગ દુર થશે. (સામે જઇ) અરે પણ વીરજી કેમ ઉતાવળો ચાલ્યો આવે છે.

વીરજી—ધણી ખમા કુમારશ્રીને. અન્નદાતા! શું વિચારમાં ગુંથાયા છો, શું કાંઇ નવીન વાત સાંભળી છે?

હલામણ—ના ના, વીરજી! શું છે કાંઇ નવીન?

વીરજી—વળી અન્નદાતા કાંઇ આપનાથી અજાણ્યું હોય! ઉડાવોછો શીદ.

હલામણ—વીરજી! તારા સોગન ખાઇને કહું છું કે મને કાંઇ ખબર નથી. જે હોય તે જલ્દી કહે.

વીરજી—શીવ, શીવ, શીવ!

હલામણ—વીરજી! શા માટે ગભરાય છે જે હોય તે કહે.

વીરજી—શું કહું અન્નદાતા! કહેતાં જીભ ઉપડતી નથી. આપે જે સમસ્યા પુરી કરી હતી (અટકી જાય છે).

હલામણ—વીરજી! શા માટે અટકે છે, તેને કાંઈ રોગ થયો છે કે તે અચાનક મરણ પામી છે?

વીરજી—અન્નદાતા! મરણથી વિશેષ.

હલામણ—વિશેષવાળા વાત છોડી દે, જે વાત હોય તે જલદી કહે.

વીરજી—અન્નદાતા! તે સમસ્યામાંથી આપનું નામ કાઢી નાખી પીતાશ્રીએ પોતાનું નામ દાખલ કર્યું છે, ને ઓઝણું પણ સાથે મોકલ્યું છે.

હલામણ—છટ છટ્ નિર્લજ! આ શું બોલે છે, પીતાશ્રી કદી પણ આવું કાર્ય કરે ખરા?

વીરજી—અન્નદાતા! ગુસ્સો શા માટે કરો છો? ઓઝણું લઈને જનાર માણુસ મેરૂખવાસ મને રસ્તામાં મળ્યો હતો, તે મારો સંબંધી હોવાથી મને બધી વાતચીત કરી હતી, પછી સાચી કે ખોટી.

મહા જુલમ જગતમાં પુત્ર પત્નિ પીતા ચહાયે—ટેક
સુણી એ ભયકારી ઉચાટ ઉરમાં વધે વિચાર,
બનું બેજાર કરૂં શું હાયે, મહા જુલમ૦
બનતાં આ અધર્મ કર્મ રહેશે નહી ધર્મ,
ભાગશે ભર્મ લાજ સૌ જાયે. મહા જુલમ૦

ધરી શકે નહી ધરા શેષ કુકર્મ રહેશે કલેશ,
ન ધરમનો લેશ જરૂર જણાયે. મહા જુલમ૦
ધર્મ સંકટ પડયો તે મારે શીર બન્યો શું અધીર,
ભેદાય શરીર વ્યાકુળ જીવ થાયે. મહા જુલમ૦

વીરજી—મહારાજા ! આમ શોક કરવાથી શું વળવાનું છે ? એવો ઉપાય શોધો કે પાપીના મુખમાં ધુળ પડે.

હલામણ—છટ્ વીરજી ! આ શું બોલે છે. મારા પીતાશ્રી તે શું મારા શત્રુ ગણાય ? કદી નહીં, સાંભળ.

સોરઠો.

બદલે બીજા લોક, બરડો બદલે નહિ.
કુળને લાગે ખોડ, હીણું કરે હલામણ.

ગીતી.

વિકટ ધરમ સંકટથી, ઉર અકળાએ અતિ વ્યાકુળ થાએ,
અધવચ જીવ અથડાએ, રહ્યું નહિ જાએ,
(પડદો પડે છે,)

પ્રવેશ ૭ મો.

સ્થળ—બાલંભા રાજસિંહનો મહેલ.

પાત્ર—રાજસીંહ, રાણી, દાસી પાછળથી સોમદેવ.

રાણી—હજુસુધી પેલા ગોરમહારાજ કેમ નહીં આવ્યા હોય ?

રાજસિંહ—પ્રીયે ! આજકાલના રાજકુંવરો વિદ્યાહીન વિશેષ

જોવામાં આવે છે જેથી સમસ્યા જલ્દી પુરી ક્યાંથી થાય! આ વીલંબ થયો હશે પણ હવે આજકાલમાં આવવા જોઇએ.

રાણી—વહાલા! મને એજ ચિંતા થયા કરે છે. નિદ્રા પણ આવતી નથી. સારા કામને સો વીઘન.

રાજસિંહ—બરાબર છે પ્રીયે! તમારૂં કહેવું. પરંતુ આપણી ધારણા શું કામની? જગકર્તા જગદીશ્વરે જે કાર્યનું નિશ્ચીત કરી રાખ્યું હશે તે જ થશે. જ્ઞાનદૃષ્ટિથી તપાસ કરો કે ચૌદ બ્રહ્માંડ પતી રામચંદ્રજીને ખબર નહોતી કે સવારે રાજ્યાભિષેકને બદલે વનવાસ જવું પડશે. પાંડવોને ખબર નહોતી કે દ્યુત રમવાથી રાજ્ય હારી જઇશું. દશરથ રાજાને ખબર નહોતી કે નીચ કૈકેયી આવું વચન માંગશે. પરંતુ દૈવ દોષ લેતો જ નથી; માટે તેનો વ્યર્થ હર્ષ અને શોક શું કરવો.

રાણી—સ્વામીનાથ! અમો અબળાના હૃદય નિર્બળ હોય છે જેથી સ્વાભાવિક સંકલ્પ થયા કરે છે.

દાસી—મહારાજા! ગોરમહારાજ પધારે છે. અંદર આવવા રજા માગે છે. આજ્ઞા છે?

રાજસીંહ—દાસી! જલ્દી અંદર લાવ (દાસી જાય છે). પ્રિયા સાથે જે પ્રસંગ ચાલતો હતો તે જ પ્રત્યક્ષ રજુ થયો.

સોમદેવ—ઘણી ખમા બાલંભાના મહારાજાને.

રાજસીંહ—પધારો મહારાજ! શા ખબર છે ને ક્યાં ક્યાં ફરી આવ્યા તે સવીસ્તાર હકીકત કહો.

સોમદેવ—સાંભળો મહારાજા! દેશોદેશ રાજેરાજ જોયા, પરંતુ

તારા મનની ઉમેદ બર આવી નહીં; છેવટ હું પણ કંટાળી ગયો ને સંન્યાસ ગ્રહણ કરવા જંગલમાં જવા વીચાર કર્યો. રસ્તામાં ઘુમલી શહેર આવ્યું જેમાં હનુમાન વંશના જેઠવા રાજા રાજ કરે છે. ત્યારે વીચાર થયો કે ચાલ આ રાજાને પણ જોતો જાઉં. ત્યાં જઇ સમસ્યા બતાવી કે તુરત સીયાજી મહારાજાએ પુરી કરી મને સારૂ માન આપ્યું. વાહ વાહ શું રાજની સમૃદ્ધિ ને શું મહારાજા પોતે. અન્નદાતા ! શું વખાણુ કરવા. અત્યાગ્રહે ઘણી આનાકાનીયે આવવા રજા મળી કે તુરત રવાના થયો, અને આપની સેવામાં હાજર થયો.

રાજસિંહ—ત્યારે મહારાજ આપને પણ બહુ પરીશ્રમ પડયો. ઠીક છે. મહેનત તમોને મળશે.

સોમદેવ—અન્નદાતા એ શું બોલ્યા. આપનું તે મારૂં પોતાનું જ સમજું છું તેમાં પરિશ્રમ શાનો ? આપનું લુંણ ખાઇ હલાલ કરવું તે અમારૂં કામ છે.

રાજસિંહ—બહુ સારૂં પણ લગ્ન માટે શું નિશ્ચય કર્યો છે.

સોમદેવ—મહારાજા વળી તેને વિલંબ હોય ! ખાંડુ પણ સાથે જ લાવ્યો છું. તમો તૈયારી કરો એટલે બસ. લ્યો આ સમસ્યા પુરી કરેલ કાગળ (આપે છે.)

રાજસિંહ—ઠીક તમો હવે ઘેર જઇ જમીને આવો એટલામાં હું પ્રધાનને બોલાવી લગ્ન સામગ્રી માટે વરધી આપું છું.

સોમદેવ—બહુ સારૂં અન્નદાતા ! પણ સાથે આવેલ મીજમાનોને માટે ઉતારા વીગેરેનો બંદોબસ્ત કરાવશો.

રાજસિંહ—દાસી તું સેનાપતીને કહે કે આવેલ મીજમાનોને

સારૂ ઉતારો તથા આગતાસ્વાગતા સારી રીતે કરવા મહારાજાએ હુકમ કરેલ છે.

દાસી—જેવી આજ્ઞા (જાય છે).

સોમદેવ—લ્યો મહારાજ! હું પણ રજા લઉં છું.

રાજસિંહ--હા ખુશીથી પધારો (જાય છે) પ્રીયે! હવે જલ્દી લગ્નની તઇયારી કરવા માંડો પણ બહેન નથી દેખાતાં તો ક્યાં ગયા છે.

રાણી--ફરવાં ગયાં હશે? પાર્વતી જા, આ સમસ્યા લઇ બહેનને આપી આવ.

પાર્વતી--જેવી આજ્ઞા (લઇને જાય છે).

રાણી—પ્રાણેશ! પધારો ભોજનશાળામાં ભોજન તઇયાર છે દાસી ક્યારની રાહ જુએ છે.

રાજસિંહ--હા ચાલો પ્રીયે. (બંને જાય છે).

પ્રવેશ ૮ મો.

પાત્ર—સોન, સખીયો ને પાછળથી પાર્વતી.

સોન--વાહ રમ્ય જાઈ લતાઓ તમે તમારા પ્રીયતમને કેવી પ્યારથી લપટાઇ રહી છો! મારા જેવી હતભાગીણી કોઇજ નહીં.

લક્ષ્મી—બા ઘેલી બની જતા નહી હો. ધીરજ ધરો. હવે થોડા વખતમાં તમો પણ જાઇ લતા બની ચંપા સાથે ચેનમાં પડશો સમજ્યાને ?

સોન—જો લક્ષ્મી મશ્કરી શરૂ કરી કે. હું તો આ કુદરતે બનાવેલ વૃક્ષ અને વેલીયો સમીપે વીચાર કરી આનંદ લઊં છું ત્યાં તને મશ્કરી સુજે છે ખરૂં કે ?

લક્ષ્મી—ના બા ના, મશ્કરી ક્યાં છે. હું પણ કુદરતને જ કહું કે તમારૂં કાર્ય ક્યારે ઉદય થશે.

સોન--બેન છોડ વાત, ચાલો જગતજનની આરાસુરીના દર્શન કરી ઘેર જઇએ, માતુશ્રી રાહ જોતાં હશે.

લક્ષ્મી—પધારો બા દેવાલયમાં. હું પુષ્પ લઇ આવું છું.

સોન--(દેવાલયમાં જઇ) હે જગતજનની જુગદંબા ! આરાસુરી તારી દીનબાળા સામે દષ્ટિ કર. માયાળુ માતા જેને આ દેહ અર્પણ કરવી છે, જેની સેવામાં ઉમર વ્યતીત કરવી છે તે સહચારણી મળે તો જ સુખ નહી તો કુમારીકા વૃત શું ખોટું. પરંતુ તે જો તારી રહેમ-દષ્ટિ હોય તો જ મળી શકે.

શાર્દુલવિક્રિડિત છંદ.

હે અંબે ! મહીષાસુરી ગુણ ભરી,
જો દાસી સામુ ફરી,
વિઘ્નો સર્વ હરી મને સુખ કરી.
દેજો સુખની ઘડી.

માગું હમું ફરી મુખેથી ઉચરી,
આશા તમારી ધરી;
આપો તો કરૂણા કરી પતિ ગુણી,
ના આપી દેશો ઝરી.

લક્ષ્મી—લ્યો બા આ પુષ્પ. હવે જલદી આરતી કરી લ્યો કારણ કે વખત વધારે ગયો છે. માતુશ્રી ઉતાવળા થતા હશે.

સોન—બરાબર લક્ષ્મી આજે આપણે માતુશ્રીને કહ્યું પણ નથી. જેથી રાહ જોતાં હશે ખરા. લાવ આરતી.

લક્ષ્મી—લ્યો બા (આરતી પ્રગટીને આપે છે)

સોન— **(રઘુપતી રામ રૂદેમાં રહેજો એ રાગ).**

નમું જુગદંબા રૂદ્રની રાણીરે, જવાળામુખી પ્રગટ જુગ જાણી
હું છું બાળ અબલ કર સાઓરે દુખડલાં તમામ નસાવોરે
પડું પાય પ્રસન દેવી થાઓ નમું જુગદંબા રૂદ્રની રાણીરે.
ભવસાગર છે ભય કરી ચાહુ હાંકવા હોડી મારીરે
દેજો સદ્દગુણી મુજને સુખાણી નમું જુગદંબા રૂદ્રની રાણીરે.
જેના હાથમાં તનમન દેવુંરે સદાકાળ જેને સંગ રેવુંરે
તે મુરખ મળે તો દુખ કેવું નમું જુગદંબા રૂદ્રની રાણીરે
માટે આજ મુજ અરજ સ્વિકારો વિપુરેશ્વરી લેજો તારીરે
મને કરજો કોવીદની નારી નમું જુગદંબા રૂદ્રની રાણીરે.

હે મહીસાસુર મર્દીની! તું સેવકોની પ્રતીપાળ છે તારા ભકતોને કષ્ટ એ તું પોતાને માને છે તો આ બાળા અત્યારે દુખ સમુદ્રમાં ડુબે છે તેને તારનાર તારા શીવાય અન્ય સમર્થ

નથી માટે માજી મારા તમામ કષ્ટો દુર કરી સુખના સૂર્યનો ઉદય કરજો.

લક્ષ્મી—કેમ બા ! પુજન થઈ રહ્યું તો રથ તઇયાર કરૂં.

સોન—હા બેન ! પુજન થઈ રહ્યું. તઇયારી કર.

લક્ષ્મી—બહુ સારૂં બા (ચાલવા જાય છે ત્યાં) આ જુવો તો ખરા, પાર્વતી કાંઇક ઉતાવળી ચાલી આવે છે. લાગે છે ઉમંગમાં. કંઇ નવીન ખબર હશે.

પાર્વતી—(પ્રવેશ કરે છે) બાઇ સાહેબ વધામણી લાવી છું.

સોન—શાની વધામણી-પાર્વતી !

પાર્વતી—બા આપનું વેવીશાળ ધુમલીના મહારાજા સીયાજી સાથે કર્યું. તે સમસ્યા પણ તેણે પુરણ કરી. લ્યો આ સમસ્યા [પોતાની પાસેથી કાગળ આપે છે.]

સોન—(વાંચીને) મારા પ્રાણથી કાંઇ વીશેષ વહાલી પાર્વતી આ વખતે તેં મારા બળતા હૃદયને વારીરૂપ બની શાંત કર્યું છે તેના બદલામાં મારાથી કાંઇ પણ આપી શકાય તેમ નથી તોપણ

રાગ—મારા પ્રાણથી વહાલી પાર્વતી

મારી પ્રાણુ પ્યારી પાર્વતી ભલે આવી તું અહી
પ્યારા નાથ તણા પરાક્રમનો પત્ર આ લઇ. ટેક

આનંદ મારા ઉરમાંરે રાખ્યા ન સમયે આજ
મનવાંછીત મુજને મળ્યું મારા સિધ્યા સર્વે કાજરે-ભલે૦

આદીત ઉગ્યો આજનોરે શુદ્ધ સુવર્ણ સ્વરૂપ
મે વરસ્યો મોતી તણો મારે આજનો દીન અનુપમ-ભલે૦

અજવાળામાં આવીશુંરે આ ઘડી જગત તમામ,
સુખ દેખુ સહુ ઠાઠમાંહી દુખ દેખુ નહી નામરે. ભલે.

આપું છું ઇનામમાં લે આ હાર અમુલ્ય
આ દુન્યામાં અન્યને નહી તેવડુ તારે તુલ્યરે. ભલે.

બેન! આ મારો હાર તને ઇનામમાં આપું છું વળી વખત આવે જોઇ લઇશ.

લક્ષ્મી-કાં બા મારૂં કહેવું સાચું ઠર્યું ને, હવે તો શાંતી થઇને?

સોન-બેન! સમસ્યા તો પુરણ થઇ તે આનંદ થયો પરંતુ હૃદયમાં રહેલ પરમાત્મા સાક્ષી પુરતા નથી કે આનંદ થાય. કદાચ સમસ્યા કોઇએ પુરણ કરી હોય ને નામ કોઇનું હોય. શી ખાતરી! રજવાડાના વિશ્વાસ નહિ.

લક્ષ્મી—અહોહો બા તમો તો આવાજ રહ્યાં કે બિચારા માતપિતાએ આપના કહેવા પ્રમાણે કર્યું છતાં છેવટ તો જુતીઆજ કે?

પાર્વતી—બા ખાંડુ પણ સાથેજ આવ્યું છે, હવે ચાલો માતુશ્રી આપને બોલાવે છે.

લક્ષ્મી—બા હવે છાનાંમાંનાં રહેજો. જલ્દી લગન કરવા દો કે અમે પણ બે દીવસ લહાવો લઇએ.

સોન—લક્ષ્મી મૌનતા ધારણ કેમ કરી શકું. જ્યાં સુધી મારૂં હૃદય કબુલ નહિ કરે ત્યાંસુધી મારાથી કબુલ કેમ કરાય. જેને આ દેહી અર્પણ કરવી છે તે વગર વીચારે કાર્ય બની કેમ શકે?

કાલે વિચારીએ કરતાં સગાઇ
તન મન ધન જેને સોંપવું બાઇ. ટેક
પાલટીએ લઇ અન્ય પદાર્થ
આતો કરમ સંગ જાએ જડાઇ—તન.
રહીને અનચે જા ચપલ ઘડી.
જીવવું જંગમાં અને દુખદાઇ—તન.
સુખ દુખનો કરવો જેને સાથી
શુ ન કહો રાખીએ મનમાંહી—તન.

લક્ષ્મી—ઠીક બા તમો તો તમારૂંજ ધાર્યું કરવાના તેમાં કોઇનું કહેવું શું કામ આવે. બીચારા માતપીતા પણ આ વાત સાંભળી નારાજ થશે.

સોન—લક્ષ્મી માતાપીતા તો વેવીશાળ કરી આપે પરંતુ ઉંડો વીચાર ના કરે ને પાછળથી તેના ફળ દીકરાઓને ભોગવવા પડે સમજ્યાને ?

લક્ષ્મી—બહુ સારૂ બા ચાલો રથ તૈયાર છે (જાય છે)

પ્રવેશ ૯ મો.

સ્થળ--રાજસીંહનો મહેલ.

પાત્ર—રાજસીંહ, રાણી, સોન, દાસી, સોમદેવ, વીગેરે

રાણી—દાસી હજુ સુધી બહેન કેમ નથી આવ્યા ?

દાસી—બાઇ સાહેબ! હું સમસ્યા દઇ ચાલી આવી ને તેઓ પાછળ આવતા હતા, જુઓ આવ્યા.

સોન—માતુશ્રી અભિવંદન કરૂં છું.

રાણી—કલ્યાણ બેટા, તારી બનાવેલ સમસ્યા ઘુમલીના મહારાજા સીયાજી જેઠવે પુરી કરી, ખાંડુ પણ સાથે આવ્યું છે તો હવે તારા પીતાશ્રી લગ્નની તઇયારી કરવા કહે છે.

સોન—માતુશ્રી સમસ્યા પુરણ થઇ તે ખરૂં, પરંતુ મને શંકા રહે છે, તો ખાંડાથી લગ્ન કરવા મારી ઇચ્છા નથી પરંતુ સમસ્યા પુરણ કરનાર પોતે અહીં પરણવા આવે તે વખતે હું બીજી સમસ્યા બતાવું ને તેનો ઉત્તર આપે તો મને પાણી ગ્રહણ કરવાને કોઇ જાતની હરકત નથી.

રાણી—સોન તું દીવાની તો નથી ને? તારા કહેવા મુજબ સમસ્યા લઇ સોમદેવને રજવાડાઓમાં મોકલ્યો તે બીચારો મહા મુશીબતે સમસ્યા પુરણ કરાવી આવ્યો તો તેને પણ જશને બદલે જુતીયાં, ક્ષત્રીઓમાં આવી પુત્રીઓ સ્વછંદપણે વર્તવાવાળી કોઇ નથી જોઈ, હવે તો તારાથી અમો છેક કાયર થઇ ગયા.

સોન—માતુશ્રી ક્રોધ શા માટે કરો છો, તમો તમારા સુખમાં રાજી છો કે દુઃખમાં. જો સુખમાં રાજી હો તો મારા ધારવા પ્રમાણે કરવા દ્યો પછી આપની મરજી.

દાસી—બા મહારાજા પધારે છે (રાજસીંહ આવે છે).

રાણી—પ્રાણેશ અભીવંદન કરૂં છું.

રાજસીંહ—સ્વસ્તી તુભ્યં. કેમ પ્રિયા સોનબાને સમસ્યા વંચાવી.

રાણી—હા સ્વામીનાથ વંચાવી, પરંતુ .પથ્થર માથે પાણી જેવું થયું.

રાજસીંહ—કેમ પ્રિયા આવું બોલવાનો ભાવાર્થ શું છે.

રાણી—સોન બા તો કહે છે મને સમસ્યામાં શક રહે છે. જેથી હથેવાળે લગ્ન કરી ફરી પ્રશ્ન પુછી ખાત્રી કરીને પાણી-ગ્રહણ કરીશ.

રાજસીંહ—ભલે, બેનનો એવો વિચાર હોય તો તેમ કરીએ.

દાસી—મહારાજા ગોર આવ્યા છે અંદર આવવા રજા માગે છે, શી આજ્ઞા છે.

રાજસીંહ—ખુશીથી આવવા દે.

દાસી—જેવી આજ્ઞા (દાશી જાય છે.)

સોમદેવ—જય થાઓ મહારાજાનો ! કેમ મહારાજા હવે લગ્ન માટે શું વિચાર કર્યો. સારા કામને વિશેષ અટકાવવાથી હજારો હરકત આવી પડે માટે જલદી બને તો વધારે ઉત્તમ ગણાય.

રાજસીંહ—મહારાજ ! તે કહેવું બરાબર છે. પરંતુ સોનબાનો વિચાર એવો છે કે હથેવાળાથી લગ્ન કરી ફરી પ્રશ્નોત્તરથી પરીક્ષા કરવી ને ત્યારબાદ પાણીગ્રહણ કરવું એવો વિચાર છે.

સોમદેવ—હેં હેં હેં મહારાજા આ તે તમે શું બોલો છો, રાજાઓના ખાંડા આવ્યા પાછા ફરતા હશે કે ? શું મારૂં તમારે

કમોત કરાવવું છે કે શું? મારી બધી મહેનતના માથે પાણી ફેરવવા કેમ તઇયાર થયા છો. સોનબા તો છોકરૂં છે તે શું જાણે, તમે તેને તઇયાર કરોને.

સોન—મહારાજ! ક્રોધ શા માટે કરો છો? હું વીના પરીક્ષાથી પાણીગ્રહણ કરનાર નથી. વળી તેમાં તમારી મહેનત શું માથે પડવાની છે. હું કાંઇ પરણુવાની ના કહેતી નથી, તમે શોદ મુંઝાઓ છો?

સોમદેવ—ના નહી ત્યારે શું શીંગડા, અમે જાણત. હતા કે રાજાઓના કામમાં કદી જશ મળે જ નહી ને થયું તેમ જ. ઠીક તમે જાણો ને તમારૂ કામ જાણે. હવે હું મોઢું બતાવવાનો નથી, હશે આ નીમીત્તે મારૂં મૃત્યુ માંડયું હશે, નહી તો આવું કામ હાથ લઉં શા માટે.

સોન—ગુરૂજી આવો ખોટો ક્રોધ કરી મારા પીતાશ્રીને શરમીંદા શા માટે કરો છો. મારે આખી જીંદગી નિર્ગમન કરવી છે તો વિના વિચારે એ કાર્ય કદી નહીં બને.

રાજસિંહ—મહારાજ! તમે સોનબાને લઇને ત્યાં જાઓ ને પછી બેનની મરજી મુજબ પરીક્ષા કરી પાણીગ્રહણ કરે. અમારી રજા છે.

સોમદેવ—(સ્વાગત ઠીક છે. ત્યાં જવા દ્યો. પછી હું છું ને એ છે, ગમે તેમ કરી બેડો પાર) ભલે મહારાજા બેનની મરજી તેમ હોય તો મારી ના નથી. ચાલો કરો તઇયાર. હું ઘેર જઇ તઇયાર થઇ આવું છું.

રાજસિંહ—ભલે ખુશાથી જાઓ. (જાય છે). બેન તમો

પણ તઇયાર થાઓ ને તમારી બન્ને દાસીયોને સાથે લઈ જાઓ. ને પાછા ફત્તેહના સમાચાર મોકલો.

સોન—જેવી આજ્ઞા (સોન જાય છે).

રાજસિંહ—પ્રિયા! મારે કચેરીમાં જવાનો વખત થયો છે માટે રજા છે?

રાણી—પધારો પ્રાણેશ (રાજા જાય છે.)

સોમદેવ—લ્યો ચાલો બા. રથ રવાના કરો.

સોન—મહારાજ! તમે ચાલતા થાઓ. હું જરા અંબાજીની સ્તુતિ કરીને આવું છું.

સોમદેવ—બહુ સારૂ બા. (માણસોને) ચાલો. રવાના થાઓ. [સૌ જાય છે ને સોન સ્તુતિ કરે છે.]

અંક બીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ-ઘુમલી, સીયાજીનો ખાનગી મહેલ.

સીયાજી—સોન સોન! શું તમારો ચમત્કાર! શું તારામાં વશીકરણ કે શું મોહની મંત્ર છે કે પ્રાણ પરવશ કરી દીધા. સુંદર શયન ભુવન તારા વિણ સ્મશાનવત્ જણાય છે, દિવ્ય-

માન રંગમહેલ ઉજડનો આભાસ કરે છે. ખાન પાન વીષ સમાન લાગે છે. તારા કમળમુખનું દર્શન થશે ત્યારે કેવો આનંદ થશે તે અનુભવી શકાતું નથી.

અદીઠ પ્રિયા વશી અંતર મારે;
મુજ મન એ વીણુ અન્ય ન ધારે–ટેક.
એ મદીરાક્ષી તણો કર મુજને,
શુભ મધુ પાન કરાવશે કયારે–અદીઠ.
કે દીન વાણી પીયુષને પુરે,
મુજ મન પ્યાસી વપીહને તારે–અદીઠ.
કામની કામની તુલ્ય એ ભાવની,
જામની કેદિ જગાશે પ્યારે–અદીઠ.
એ દીન કેવો હવે સુખ રૂપી,
જે દિન સોન આવશે ઉતારે–અદીઠ.

અરે પણ સુખમાં સુખ ને દુઃખમાં દુઃખજ. મારૂં જેમ જેમ અધીરૂં મન મળવાને તલપે છે તેમ તેમ ગોર મહારાજ પણુ વિશેષ દિવસો વ્યતીત કરતા જાય છે. પણુ રખેને પોકળ તો પ્રકાશ ના પામ્યું હોય (વિચાર કરે છે.) અરે ના ના અમારા બે શીવાય ત્રીજો માણુસ એ વાત જાણુતો નથી તો જાય શાનો. પણ મહારાજની અવધી ઉપર બે દિવસ થયા તો હવે આવવા જોઇએ.

(સામે જોઇને, અરે વાહ વાહ જેની રાહ જોતો હતો તે પધાર્યા તો ખરા). કેમ મહારાજ ! શી ખબર છે.

સોમદેવ—મહારાજ ! વળી બીજા ખબર હોય કે. અહિં હથેવાળે પરણવા તેણે ઉત્કંઠા બતાવી જેથી સાથે લઇને આવ્યો, પણ જલદી કરો, તેની ઉતારા માટે ગોઠવણ કરો. પણ જો જો ઉતારો એવો મળવો જોઇએ કે કોઈ માણસ પણ ત્યાં જઇ શકે નહિ. એટલે આપણું કામ ફતેહ થાય બાદ પછી હરકત નથી.

સીયાજી—જાઓ ત્યારે, આ ચાવીઓ લઇ આપણો બહારનો હવા ખાવાનો મહેલ ઉઘાડી તેમાં ઉતારો આપો. મેં તે કાલેજ દુરસ્ત કરાવી રાખ્યો છે (ચાવી આપે છે.)

સોમદેવ—બહુ સારૂ મહારાજા જાઉં છું (જાય છે).

સીયાજી—વાહ વાહ હવે બેડો પાર. શાબાશ છે એ ગોર મહારાજને કે મારા માટે તેણે પુરો પરીશ્રમ લીધો. પણ હવે મારા ખાનગી માણસોની ત્યાં ચોકી રખાવું કે કોઇ અજાણ્યું આવી વાતચીત ના કરે. નહિ તો જો હલામણને ખબર પડશે તો વાત વણસી જશે. ચાલ તેનો બંદોબસ્ત કરૂં (જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—નદી કિનારે.

પાત્ર—સોનની લક્ષ્મીદાસી તથા હલામણની દાસી રાધા

(બંને દાસીઓ નજીકમાં બેડાં ઉતારી પાણી ભરે છે.)

લક્ષ્મી—અરે બાઇ જરા આંખો ઉઘાડ, જોને છાંટા પડે છે. મારા બાઈ સાહેબ સોનબા માટે પુજનનું પાણી છે તેમાં તું છાંટ નાંખી બગાડે છે. મદમાં આંધળી બની ગઇ લાગે છે.

રાધા—જોને રાંડ, છટેલ શરમાતી નથી બોલતાં. મદ હોય તો ક્યાં તારો ઉછીનો લીધો છે. રાંડ તારી બાઇ તેમાં મારે શું. જો વધારે બોલી તો હાડકા ખોખરા થશે સમજીને ?

લક્ષ્મી—જા નીચ કુલટા, તું મારા હાડકા શું ખોખરા કરનાર હતી, રાંડ પરાયું ખાઇ હરામની દાનત રાખી મસ્ત થઈ ફરે ને બહાર કજીઆ કરવામાંજ શૂરી ગણાય છે.

રાધા—જા જા રાંડ, તારા બાપનું અનાજ નથી ખાતી. બળતરા થતી હોય તો નાખ રાઇ ને મીઠું આંખમાં.

લક્ષ્મી—નીચ હવે સંભાળીને બોલજે હોં, સમજીને.

એલી બાનડી જોને તું.

આશું બોલે અલી બાનડી અજાણુ, વધારે ના વદીશ હવેરે.
તારા બોલ લાગે મને તીખાં બાણુ, વધારે ના વદીશ હવેરે.
જેવી છું તેવી જણાય છે જરૂર, વધારે ના વદીશ હવેરે.
કાળા કરમની કરનારી ક્રૂર, વધારે ના વદીશ હવેરે.
મને લાગી અંતરમાંહી લાય, વધારે ના વદીશ હવેરે.
તારૂ મુખ મને લાગે દુખદાય, વધારે ના વદીશ હવેરે.
હવે બોલી જોજે રાખ્યા વિના સુર્ત, વધારે ના વદીશ હવેરે.
તોડું તાળવેથી જીભ તારી તુર્ત, વધારે ના વદીશ હવેરે.

રાધા—ઓય તારો ખરો! રાંડ જાણે છે કે હું કોણ છું. વળી તારી બાઇ તો પતીવ્રતા જોઇ. એ તો દુનીયાને દેખાડવાનું સમજી. અમો તો બધી વાત જાણનારા, રાંડ કોને સમજાવે છે. તમારો દમામ બધો ઠીક છે. સાંભળ—

જોઇ જોઇ તારી શિખામણ સોન, વિવેક તો વંચાશે હવેરે.
કહે ડેણુને મોઢે તું ડેણ કોણુ, વિવેક તો વંચાશે હવેરે.
ભણી ગઇ પણ ગણી નથી લેશ, વિવેક તો વંચાશે હવેરે.
કરી જાણે નહિ ગુણ તણું મુલ, વિવેક તો વંચાશે હવેરે.
ગણે મુરખ ગણીને સમતુલ, વિવેક તો વંચાશે હવેરે.
પતિવ્રતા મહી શાર લેશે પાપ, વિવેક તો વંચાશે હવેરે.

સોરઠો.

બાંધી મુઠી લાખની, ઉઘાડી વા ખાય;
હલામણ દુવા પારખે, સોન સીયાને જાય.
(આટલું બોલી બેડું લઇ ચાલી જાય છે.)

લક્ષ્મી—હાય હાય શું, આ કુટલાએ આ વાત કરી તે સાચી હશે, અને એમજ હોય તો અમારી શી વલે થશે, એ પાપીના હાથથી કેમ છુટશું. હાય હાય અંબેમા હવે સહાય કર. ચાલ મારી બાઇને જઈ ખબર આપું (રોતી રોતી જાય છે).

પ્રવેશ ૩ જો.

સ્થળ-સોનનો ઉતારો.

પાત્ર—સોન, પાર્વતી, લક્ષ્મી, સોમદેવ, સીયાજીની દાસી.

———

પાર્વતી—આ! કેમ તમો મુંઝાઇને બેસી રહો છો. અહીં આવ્યા બાદ તમારૂં શરીર કૃશ થતું જાય છે, મુખની દિવ્ય કાન્તિ મહા મનોહર નીલોત્પલ કમલ જેવી શ્યામ ભાસતી જાય છે તેનું શું કારણ?

સોન—બેન! મને બીલકુલ ચેન પડતું નથી, અહા! વિચારદધીમાં ડોલ્યા કરૂં છું. તમામ સ્થળ દુઃખમય ભાસે છે.

નથી મુજને સખી આ સહુ ગમતું,
વિવિધ વિચારમાં મુજ મન ભમતું;
ચંદન ચીત ચલિત કરે છે,
અંતર અગ્નિ બની તન દમતું. નથી૦
સેવતિ નારી હરે સુખ સઘળું,
પુષ્પ સુંઘેથી નથી દુઃખ સમતું. નથી૦
સુખ ઉપચારથી શાંત નથી,
મન વિરક્ત વારિધિમાં રહે રમતું. નથી૦

જો પાર્વતી, લક્ષ્મી કેમ રોતી રોતી ચાલી આવે છે.

(લક્ષ્મી આવે છે) કેમ લક્ષ્મી! શા માટે રૂવે છે. તને કોઈ લડયું કે તકરાર થઈ. જે હોય તે જલ્દી કહે.

લક્ષ્મી—શું કહું બા, એક નીચ બાનડીના બોલથી મારા ઉરમાં જ્વાળા પ્રગટ થાય છે. કહેતાં જીભ ઉપડતી નથી.

સોન—બહેન! શા માટે મુંઝાએ છે, જે હોય તે જલ્દી કહે.

લક્ષ્મી—સાંભળો બા—

સોરઠો

બાઇ મુને બાની વઢી, નદિએ ભરતાં નીર;
એક વચનને કારણે, શોસાયું મારૂં શરીર.

સોન—બેન! શું એવું વચન કહ્યું તે કહે.

લક્ષમી— શું કહું વાત.

હું શું કહું વાત વિસ્તારીને કહેતાં જીભ કપાય;
નિર્લજ લોંડીના બોલથી ઉપર ક્રોધ ન માય— ટેક૦

મરજી મુજબ મદ છક વદી દુષ્ટ વચન અપાર;
કુબુદ્ધ કહ્યા વળી આપને માર્યો વચનનો માર—શું કહું.

સમસ્યા પુરણ કરે જે ધણી તેને જાણે છે કોણ;
વણ સમજુ વર થાય છે નથી વાતમાં મોણ—શું કહું.

સોન શિયા ઘરમાં જશે જે છે બાપને તુલ્ય;
ખોલ્રો હલામણ હીરલો ભુપ આવશે ભુલ—શું કહું.

સોન—હાય હાય દાસી, નીજ પંડિતે આવો વિશ્વાસઘાત કર્યો. જો કદાપી ઈશ્વરે મને અહિં આવવા મતી ન આપી હોતતો નકી મને ભુલથાપ ખવરાવત, પણ ઠીક સત્યનો બેલી ઈશ્વરછે.

પાર્વતી—જુઓ નીચે પંડિત આવ્યો.

સોમદેવ—કેમ બા! ઉતારાની સોઇ સારી છે ને. મહારાજાએ કહેવરાવ્યું છે કે ચીજ રકમ જોઇએ તેના માટે બીલકુલ મુંઝાવું નહિ. તેઓ લાચાર છે કે-લગ્ન થયાં પહેલાં આવી શકે નહીં. પરંતુ તેનું મન તો અહીં જ છે સમજ્યાને.

સોન—નીચ, નીમકહરામ, પાપી, ચંડાળ, કૃતઘ્ની તારૂં કાળુ મોઢું લઇને શું આવ્યો છે. વિશ્વાસઘાતી, પીતાને પતી બનાવતાં ઇશ્વરનો જરાપણ ડર ખાધો નહિ? હલામણ જેવા પતીનો ત્યાગ કરાવી સીયાજી સાથે પાણીગ્રહણ કરાવવા તૈયાર થયો. આથી તું રૈ રૌં નરકનો અધીકારી બનીશ, તમામ સુખથી વિમુખ થઇશ. નીચ, લક્ષ્મીની લાલચ ધરી આવા કૃત્ય કરી સ્વર્ગના સુખને બદલે નરકનો ભોક્તા બને છે.

ધીક ધીક તને નીમકહરામ.

ધીક ધીક તને નિમકહરામ, બતાવીશમાં મુખ મને રે
કર્યું વિશ્વાસઘાતી તે બુરૂં કામ—બતાવીશમાં૦
લલચાણો દુષ્ટ લક્ષ્મીને કાજ બતા૦
થઇ કલંકિત વિદ્યા તારી આજ બતા૦
આવું આચરતા ભયકારી કર્મ બતા૦
નીચ નાવી જરી તને શર્મ બતા૦
પાપી પતીવ્રત મારૂં ભંગ બતા૦
શું ચડત તને સુજશનો રંગ બતા૦
મુજ સસરો સિયાજી પિતા તુલ્ય બતા૦
તેને પતી તું કરતે દઇ ભુલ બતા૦

હા હા નીચ તું તો નરકે પડીશ બતા૦
આવાં કાળાં કામ ફરી ન કરીશ. બતા૦

સોમ—અરે બા! પણ તમને આવી ખોટી વાત કોણે કહી. તમારૂં હું બુરૂં કરવામાં રાજી હોઉં કે ?

સોન—નીમકહરામ! વિશેષ ભાષણ તારૂં રહેવા દે. તારૂં કાળું દર્શન વધારે વખત કરવા ઇચ્છતી નથી, દાસી જા તેને ધક્કો મારી બહાર કાઢ.

સોમદેવ—ઠીક છે, યાદ રાખજે કે મારા અપમાનનું ફળ તને કેવું મળે છે. કોણ હલામણ પતી થાય છે કે સીયાજી.

સોન—જા તારાથી થાય તે કરજે, દાસી માર ધક્કો.

(દાસી ધક્કો મારે છે સોમદેવ જાય છે.)

સોન—હાય હાય હાય, દાસી હવે શું કરૂં. હાથથી કેમ છુટવું.

લક્ષ્મી—બા ધીરજ ધરો. સઉ સારા વાના થશે. જો ખબર ન પડી હોત તો ઉપાય નહોતો પણ હવે ફીકર નથી.

સીયાજીની દાસી—(પ્રવેશ કરી) બાઇ સાહેબ! મહારાજા સીયાજીએ આ શણગાર મોકલ્યો છે તે ધારણ કરો.

સોરઠો

શુંડી ભર્યો શણગાર, મને સીયાનો શોભે જ નહિ;
હલામણ મુજ ભરથાર, સીયો અમારો સાસરો.

સી. દાસી—આ હલામણનું નામ મુકો ને સીયાજીનો શણગાર ધારણ કરો તો સુખી થશો નહિ તો દુઃખી થશો.

સોન—જા નીચ, દુઃખને સુખ દેનાર વીશ્વંભર વીના કોણ સમર્થ છે. જા તારા નીચ રાજાથી જરાપણ ડરતી નથી.

સી. દાસી—બાઇ આટલો બધો મીજાજ રાખી મને ધક્કા મારો છો પણ તેનું ફળ તમોને મળશે. અમારાજ હાથમાં છેવટ રહેવું પડશે સમજ્યાને.

સોન—જાને સમજાવવાવાળી. લક્ષ્મી! જુએ શું, એ રાંડને ધક્કો માર. દાદરેથી નીચે પાડ કે ફરી વખત અહીં આવવાની સત્તા ના રહે.

સી. દાસી—યાદ રાખજો બાઇ કે આનું પરીણામ શું આવે છે. જ્યારે મહારાજાના ઘરમાં આવશો ત્યારે પછી તમોજ અમારી લાચારી ભોગવશો.

લક્ષ્મી—હવે જા નીચ (ધક્કો મારે છે, દાસી જાય છે).

સોન—દાસી લાવ કાગળ, ખડીઓ, કલમ. મારા પ્રાણેશને પત્ર લખી ખબર આપું.

દાસી—જેવી આજ્ઞા (લાવે છે અને સોન પત્ર લખી લક્ષમીને આપે છે).

સોન—જા બેન, જલદી પત્ર લઇ મારા પતીને આપી આવ.

દાસી—જાઉં છું બા (લક્ષ્મી જાય છે).

સોન—પાર્વતી! હવે પુજન સામગ્રી તૈયાર કરી લાવ. પુજન વખત થયો છે.

પાર્વતી—બા ચાલો પધારો તૈયાર છે (જાય છે).

પ્રવેશ ૪ થો.

સ્થળઃ—હલામણનો મહેલ.

પાત્ર—હલામણ અને પછીથી લક્ષ્મી.

હલામણ—(તકદીર હમારે ઈદના—એ રાગ)

કોઇ ઇલાજ આ ઘડી મુજને મળે નહી.-ટેક
આ ધર્મ સંકષ્ટા બધી તીર તો જડે નહી-ટેક
પડું હું પાપમાં વિચારૂં વાત દુષ્ટ જો,
અપાર કષ્ટ રાહ સુખતો જડે નહીં- કોઇ૦
ગણાય પુત્ર તુલ્ય પુત્ર પત્ની જેહને,
તે દુષ્ટ વાંછના કરે દિલે ડરે નહી- કોઇ૦
હરી હરી હવે અધર્મ આવી ઉલટયા
આ કર્મથી આકાશ કાં તુટી પડે નહી. કોઇ૦

હલામણ—સોન સોન! સદભાગી સોન! કર્મથી પછાત પડેલ, પતીને પ્રીતે પાણી પાવાનો વખત ના મળ્યો. વહાલિ વિના દર્શનથી દિવાનો છું. બેભાન છું, ગમાર છું. આમ વીયોગવન્હીમાં બળવા કરતાં એકદમ શીરછેદન કરવું ઉત્તમ છે. તારા વીના આ કલેવર પ્રાણ રહીત છે. શું કરૂં, ક્યાં જાઉં, પીતાશ્રી મારા પુજ્ય પીતાશ્રી પુત્ર પ્રત્યે આવો જુલમ. અનહદ અન્યાય ના ઘટે, ઠીક છે. આપ વડીલ છો. આપની સામે મારાથી એક શબ્દ અસભ્યતા ભરેલ બોલાય તેમ નથી. ખેર જેવાં સંચીત!

લક્ષ્મી—(પ્રવેશ કરી) મહારાજા આપને નમન કરૂં છું.

હલામણ—કલ્યાણ તમો કોણ છો અને શું પ્રસંગે આવ્યા છો.

લક્ષ્મી—મહારાજ ! હું આપની અર્ધાંગના સોનની દાસી છું. આ તેનો પત્ર લઇ આપને આપવા આવી છું.

(પત્ર આપે છે).

હલામણ—(વાંચે છે.) શાબાશ સોન તારો મારા પ્રત્યે આવો અનીવાર્ય સ્નેહ છે તો મારા જેવો ભાગ્યશાળી ભવિષ્યે કોણ છે.

લક્ષ્મી—મહારાજ ! પત્રમાં શું લખ્યું છે તે કૃપા કરી મને સંભળાવશો તો આપનો આભાર માનીશ.

હલામણ—સાંભળ લક્ષ્મી.

પ્રાણ પતી છો આપ અમારા,
હું છું આપની પ્યારી વાલા.
સહીશ દુઃખો દાવાનળ શીરપર,
નહી રહું તમારાથી ન્યારી વાલા—પ્રાણ•
ખબર પડી નહોતી પતિ પહેલે,
મુર્ખ હું માનીતી જાતી વાલા
સત્ય અસત્ય નહી સમજાણું
આજે હવે દુખી થાતી વાલા—પ્રાણ૦
પંડિત દુષ્ટ પ્રપંચી પુરો
મુજને દુખમાં નાખી વાલા,
તો પણ પુર્ણ પતિવ્રત

રાખી ઇશ્વર સાક્ષી વાલા—પ્રાણ૦
આજ મુજ પત્ર ત્રિલોકી પ્રીતમ,
દુઃખથી લેજો તારી વાલા.
નહી તો આ દાસી તન તજશે
કહું છું સત્ય પોકારી વાલા—પ્રાણ૦

અરે પણ મારા વીચાર શા કામના. જ્યાં પીતાશ્રીની પ્રબળતા ત્યાં પુત્રનું પરાક્રમ પરીપૂર્ણ કરવા વખત મળે જ ક્યાંથી, ઠીક, લક્ષ્મી આ વખતે એ પ્રેમ મુગ્ધાને મારાથી લેશ–માત્ર મદદ થઇ શકે તેમ નથી. જેમ પાંખ વીનાનો પક્ષી ગગનમાં ગમન કરવા ઉત્કંઠા ધારે પરંતુ નીરર્થક, તેમ જ પીતાશ્રીની પુર્ણ સત્તા નીચે હું નિર્માલ્ય છું તો પણ "સત્યમેવ જયતિ" ધીરજ રાખવાથી તમામ કાર્ય સફળ થશે પણ અત્યારે નિરૂપાય છું.

લક્ષ્મી—મહારાજા ! શા માટે નિર્બળ શબ્દો કાઢો છો. સૌ સારા વાના થશે. વળી ઇશ્વરે એ જોડી આપના માટે જ નીર્મેલ છે કારણ કે;—

સોરઠો.

જેવી સોન સુજાણ તેવો હલામણ હીરલો;
બેતન એક જ પ્રાણ, જુગત જોડ મલી ભલી.

હલામણ—લક્ષ્મી ! તારૂં કહેવું સત્ય છે પણ વીયોગનું અસહ્ય દુઃખ મારાથી સહન થાતું નથી પરંતુ લાચાર છું.

લક્ષ્મી—મહારાજા નિશ્ચિત રહો. સોન હલામણ સીવાય અન્યને ભ્રાત પીતા ગણે છે, લ્યો હવે રજા લઇશ.

હલામણ—ખુશીથી જા, હરવખત તારી બાઇના મને ખબર આપતી રહેજે કે મારા અધીરા મનને શાન્તિ મળે.

લક્ષ્મી—કંઇ ફીકર નહિ મહારાજ! (જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ-સીયાજીનો મહેલ.

પાત્ર—સીયાજી, દાસી, જાર.

સીયાજી--વાહ વાહ જગતનિયંતા! તેં મારે માટે સોન રૂપી રત્ન ક્યાં છુપાવી રાખ્યું હતું. સોન જ્યારે આ મહેલમાં પ્રવેશ કરશે ત્યારે શું શોભામાં વૃદ્ધિ પામશે નહિ. અરે! પણ અત્યાર સુધી દાસી કેમ નહી આવી હોય [સામે જોઇ, અરે આવી ખરી પણ શણગાર પાછી લાવી લાગે છે. કાંતો પસંદ નહિ પડયા હોય.]

દાસી--[પ્રવેશ કરી] લ્યો તમારા દાગીના. બળ્યું આ કામ. મને જો આવી ખબર હોત તો જવાની હા પાડત નહી. પણ મારા નશીબે મને ભુલાવી.

સીયાજી--પણ છે શું. કાંઈ પસંદ ન આવ્યું કે છે શું તે તો કહે.

દાસી--મહારાજા! સોનની ફોગટ આશા રાખશો નહિ. મને કહ્યું છે કે તારા રાજા જેવા તો હું નોકર રાખું છું. મારો પતી તો હલામણ છે. તે સીવાય ઘણાં શબ્દો કહી એવો સખત માર

માર્યો કે કેટલાક વીસામા ખાતી અહીં પહોંચી, હવે ખાટલો ભોગવું તે ઇનામ.

શીયાજી—અરે શું એ નીચ મારૂં અપમાન કરનાર કોણ. મને કટુ વચન કહેનારને પૃથ્વી પર સુખ ભોગવવા દઉંજ કેમ. શું મારા પ્યારનું પાત્ર તે હલામણ ભોગવશે, કદી નહી. જા તું. તારા માટે હું તમામ દવા તથા ખોરાકનો બંદોબસ્ત કરૂં છું.

દાસી—ઠીક મહારાજા! હવે હું જાઉં છું.

સીયાજી—ખુશીથી જા, (દાસી જાય છે) અરે પણ આ પોગળ ખુલ્લું કોણે કર્યું હશે, શું કરવું, શું ઉપાય કરવો, ગોર મહારાજ પણ પાછા આવ્યા નથી. (સામે જોઈ) અરે સંભારતાંજ આવ્યા, પધારો મહારાજ.

સોમદેવ—માઠા સમાચાર મહારાજા! આપણને કાંઇ બોલવાની શક્તિ પણ નથી. મારા તકદીર સારાં કે એ છેડાએલ સર્પના મુખથી બચીને આવ્યો.

શીયાજી—પણ છે શું, કહો તો ખરા.

સોમદેવ—શું કહું, મારૂં કપાળ. કોણ જાણે કોઇએ પોગળ ઉઘાડી દીધું, કે મને બોલાવી દાસીઓ પાસે સખત માર મરાવ્યો ને ધક્કો મારી કહ્યું કે, જા નીચ તારા રાજાને કહે કે તારાથી બને તે કરી લેજે.

શીયાજી—ત્યારે હવે શું કરવું તેનું કાંઇ સુઝયું?

સોમદેવ—તમે જાણો ને તમારૂં કામ જાણે. મારૂં નામ લેશો નહિ, આપણને તો ખુબ મળ્યું.

શીયાજી—અરે પણ એમ બને. પલાળ્યું તે મુંડાવ્યા વિના છુટકો. હવે તો દુનિયામાં હો હો થઈ ગયા. તો હવે શા માટે કામમાં પછાત રહેવું.

સોમદેવ—ત્યારે એક ઉપાય છે, જો બને તો.

શીયાજી—અરે ના બને કેમ, ખુશીથી કહો.

સોમદેવ—ત્યારે હલામણને દેશપાર કરો તો પછીથી આપણી મરજી મુજબ કામ થઇ શકે, તે અહીં છે ત્યાં સુધી ઉપાય ચાલશે નહિ.

શીયાજી—પણ કેવી રીતે દેશપાર કરવો.

સોમદેવ—કેવી રીતે શું ? કહેવું કે તું મને મારવા ઇચ્છા ધારે છે માટે તારૂં મોઢું ના બતાવ.

શીયાજી—વાહ વાહ બહુ સારી યુક્તિ, ચાલો ત્યારે કચેરીમાં જઇ તે કાર્ય કરીયે.

સોમદેવ—મહારાજા! કચેરીમાં જરૂર નથી, અહીં જ ખાનગીમાં બોલાવી દેશપાર કરો એટલે ફજેત ના થઇએ, હવે હું રજા લઉં છું, તમે એ કાર્ય જલદી કરજો.

શીયાજી—ભલે જાઓ હમણાં જ બોલાવી દેશપાર કરૂં છું. (ગોર મહારાજ જાય છે ત્યારબાદ) ચોપદાર !

ચોપદાર—મહારાજા! શી આજ્ઞા છે.

શીયાજી—જલ્દી જઇ હલામણને બોલાવી લાવ.

ચોપદાર—જેવી આજ્ઞા (જાય છે.)

શીયાજી—અહાહા! જે શશીવદની સુલોચનાએ રોમે રોમે

પ્રતિવાસ કરી દીધો તે શું અન્યની ભોક્તા બને. અને જો તેમ બને તો મારૂં આયુષ્ય વ્યર્થ જ ગણાય. ઠીક છે, જોઉં છું કે શું થાય છે.

હલામણ—પુજ્ય પીતાશ્રી! આપને અભીવંદન કરૂં છું. સેવકને શી આજ્ઞા છે.

શીયાજી—તું અભીવંદન કરવાને લાયક નથી. તું ખરે મારા કુળમાં અંગારૂં ઉત્પન્ન થઇ મને જ મારી નાખી રાજ ભોગવવાની તારે ઉત્કંઠા થઇ છે, નીચ તુને જ્યારે પાટવી પદમાં રાખ્યો ત્યારે જ હદ છોડવા પ્રયત્ન કર્યો, હવે તારૂં કાળું મુખ વધારે વખત ના બતાવ, જા વિશેષ સજા કરતો નથી, પરંતુ મારૂં નામ સાંભળે ત્યાં સુધી ઉભો ન રહેતો.

હલામણ—પીતાશ્રી! મારા શીરછત્ર પીતાશ્રી! આવા વાક્યો શું બોલો છો. હલામણનું અનીતિ આચરણ કદિ સુર્યનું પશ્ચિમમાં ઉદય થવું બને તોપણ હોય જ નહીં.

હલામણ—(ગોપીચંદ લડકા)

મમ તાત કૃપાળુ વચન વદોમાં ઉત્પાતનાં—ટેક.
કદી ન ધારૂં દુષ્ટ ધારણા કહું સત્ય સમ ખાઈ
આપ પીતા હું પુત્ર તમારો વિમુખ બનું ન કદાઇરે
તુચ્છ રાજનો લોભ ન રાખું ગણું સ્વર્ગ સુખ તુચ્છ
ભ્રષ્ટ નહીં થાઉં આ ભવમાં તજી શેવ પિતુ સ્વેચ્છરે
જાઉં રાજ્ય સંપતી છોડી આપ વચનને કાજ
પણ આરોપ દુઃખ અંતરમાં સાલે છે શિરતાજરે

પીતૃ ભક્ત હું પ્રાણ મમરૂપી દઉ આપને શર્ણું
આપ કોપથી ઉત્તમ ધારૂં આ ઘડી મારૂં મર્ણું.

સીયાજી—બસ કર નાદાન! તારા વિવેકભરેલા વાકયો વન્હી ઉત્પન્ન કરે છે. તારૂં શ્યામ દેદાર મને દુઃખરૂપ બને છે, નીચ ચાલ્યો જા.

સીયાજી—(ક્ષત્રી કલંક કેમ લેશે રે—એ રાહ)

પાપી પ્રપંચની જાણી તારી પેર, હલામણ હરામી તું છું રે.

નથી ઉરમાં નમેરા તુને મેર, હલામણ૦
નહિં કરવાના કરે છે તું કામ હલામણ૦
તું તો આપને કરીશ બદનામ હલામણ૦
ક્રુર કામથી ભર્યું છો તારૂં અંગ હલામણ૦
તને સાંપડયો છે કુશંગીનો સંગ હલામણ૦
તારૂં મુખ બતાવમાં અસુર હલામણ૦
છોડ પ્રપંચ પ્રીતિને રહે દુર. હલામણ૦

હલામણ—મારા પુજ્ય પવિત્ર પીતાશ્રી! પુત્ર પ્રત્યે પુર્ણું અભાવ પ્રદીપ્ત શા માટે કરો છો. આપની વિરૂદ્ધ વર્તી નર્કનો ભોક્તા કદી બનવાનો નથી તો મારા માથે આવા કઠોર શબ્દનો વરસાદ વરસાવી શા માટે દુઃખ આપો છો.

હું જાઉં સ્વભૂમિ છોડીને કદી નહી આવું આ ઠામ,
શીદ ક્રોધ કરો શીદ ક્રોધ કરો પલમાં પાણી હરામ,
હું પીતૃ ભક્ત નહિ વાક્ય પીતાનું ઉથાપું

તજી સ્વર્ગ સુખ (૨) નહિં પડું નર્કને ધામ—હું જાઉં
ગણું વેદ વાક્ય (૨) પીતૃ વચન આપના સર્વ,
નિચ જહાં વાણી ત્યાં નિશદિન ત્યાગી ગર્વ,
કરી પીતૃધાત (૨) નહિં કરૂં કલંકીત નામ—હું જાઉં.
નહિં લેશ માત્ર (૨) હું ગણું આપનો દોષ,
દોષ ગણું તકદીરનો નહી કરૂં વ્યર્થ અફશોસ
સો રહો સુખી (૨) હું દુઃખીયો છોડું ગામ—હું જાઉં.

સીયાજી—નીચ પાપી નીમકહરામ તારૂ પ્રપંચી ભાષણ સાંભળવાને હું જરા પણ ઉત્સુક નથી, લંપટ તારા કાળા મુખનું દર્શન વધારે વખત ના બતાવ. મારા ક્રોધની હદ ભરાઇ ગઇ છે, તો પરિણામ સારૂ આવવા સંભવ નથી માટે જલ્દી ચાલ્યો જા.

હલામણ—પીતાશ્રી ! આપના હુકમનો અનાદર નહી કરતાં આ શહેરનું પાણી હરામ કરી જાઉં છું પરંતુ 'સત્ય મેવ જયતિ' આખર સત્યનો જય.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ–રસ્તો.

પાત્ર—હલામણ, દાસી વીગેરે.

હલામણ—અહાહા ! પીતાજીની મતીમાં અનીતિએ પ્રવેશ કર્યો કે રતી જેવી સતી છોડી તેનો પતી વિદેશ જવા ગતિ ધરાવે છે. અહાહા મારી પવિત્ર ધુમલી તારો નીર્ભાગ્ય રાજકુમાર

રંક સ્થીતિમાં તને છેવટ પ્રણામ કરે છે. મારા હજારો દોષને ક્ષમા કરી મહારા પ્રાણથી વિશેષ વહાલી પ્રેમદાનું રક્ષણ કરજે.

હલામણ—(નાગનકે બચે નાગ હુસે પ્યાર નહિ કરના—એ રાગ)

વિદેશ વાટ જાઉં છું આવાર ધુમલી;
પીડે વિયોગ તાહરો અપાર ધુમલી...ટેક.
છું દુષ્ટ હીત મુજથી નથી બન્યું;
કરૂં છું ભૂમિ ત્યાગ લઇ ધિક્કાર ધુમલી-વિદેશ૦
પ્રાણ પ્યારી મારી સોન સોંપું છું તુને
તું રાખજે હૈયાનો હાર ધુમલી- વિદેશ૦
અપાર દોષ માહારા ન દીલ ધારજો
કરૂં છું વારંવાર નમસ્કાર ધુમલી- વિદેશ૦

અરે સહભાગી સોન! પણ આ વખતે દુરભાગી દારાને ખબર ક્યાંથી મળશે કે તારો હીણભાગી પતી તારા જેવી શુદ્ધ સતીને સદાને માટે છોડી વિદેશ જાય છે, નથી પશુ પક્ષી કે તેને મારા સમાચાર કહું. અત્યારે વૃક્ષપરના પક્ષીઓ પણ આનંદ વૃત્તિથી સુખ લીયે છે એવે વખતે આ હીણભાગી રાજકુમાર દુખ દશાને પ્રાપ્ત છે. (સામે જોઇને) અરે પણ આ સામેથી લક્ષ્મી જેવું કોણ આવે છે. હા છે તો તેજ.

લક્ષ્મી—અરે મહારાજા! આ વખતે તમામ મનુષ્યો તેમ જ પશુ પક્ષી આરામ લીયે છે એવે વખતે આ ભયંકર વેશમાં આપ કયાં જવા ઇચ્છા રાખો છો તે સત્વર કહો. આપનો આ વેશ જોઇ ઉરમાં જ્વાળા ઉત્પન્ન થાય છે માટે સત્વર કહો.

હલામણ—શું કહું લક્ષ્મી ! હીણભાગ્યની હદ વળી ગઇ. દુરભાગ્યનું દુઃખરૂપી વાદળ છવાઈ ગયું. સુખરૂપી સુર્ય અસ્ત થયો. વૈભવો વેરી થયાં. સુખરૂપી સાધનો શત્રુ બની બેઠાં. શું કહું કુડા કર્મની કરતા. બસ હવે મારા દુઃખની હદ થઈ.

લક્ષ્મી—મહારાજા ! આપના આવા વાકયો ઇંદ્રવજ્ર જેવા લાગે છે પરંતુ શું છે તે તો કહો.

હલામણ—લક્ષમી ! મારા પીતાશ્રીએ મને વગર દોષે દેશ-પાર કર્યો છે જેથી હવે હું હાલાર તરફ જાઉં છું. પીતાશ્રીના પ્રાબલ્ય નીએ તારી બાઇને મળી શકાય તેમ નથી.

લક્ષ્મી—ત્યારે શું મહારાજા ! અમોને નીરાધાર દુઃખ સમુદ્રમાં ફેંકી ચાલ્યા જશો ? અમોને સહાય કરનાર કોણ ?

હલામણ—સહાય કરનાર શ્રી વીશ્વંભર શીવાય કોઇ નહીં. લક્ષમી દુઃખમાં દુઃખ જ હોય. તારી બાઈના વીયોગથી આ કલેવર જીવ રહીત છે પરંતુ લાચાર છું. ધીરજ ધરવાથી સારૂ થશે, લે આ પત્ર તારી બાઇને આપજે (આપે છે.) કહેજે કે તને વિશેષ ભલામણ નથી કરતો પરંતુ તારો સતીનો ધર્મ છે તેમ વીચારી વરતજે. હવે તું જા.

લક્ષ્મી—ભલે મહારાજા ! આપની આજ્ઞા છે તો જાઉં છું, પણ મારી બાઇને આ અશુભ સમાચાર મળશે ત્યારે તેની શી દશા થશે.

હલામણ—લક્ષ્મી ! વ્યર્થ શોક શા કામનો. સુખ દુઃખ એ કર્તા શ્રી વિશ્વંભર છે. મનુષ્ય યત્ન નિરર્થક છે. કારણ જે શાસ્ત્રમાં કહેલ છે કે—

श्लोक.

पत्रं नैव यदा कीरट वीरपे दोषो वतंत्स्य किम्
उलुकोन विलाक्यतेयदी दीवा सुर्यास्य किं दुषणम्
वर्षा नैव पतन्ति चातक मुखे मेघस्य किं दुषणं
यदु भाग्यं वीधीना ललाटलखीतं देवस्य किं दुषणम्

તેમ જ તમારા પ્રારબ્ધમાં વીયોગ દુઃખ લખેલ હશે તે કોણ મીથ્યા કરી શકે? માટે જા તારી બાઇને મારા શુભ આશીષ સાથે જરા પણ ક્લેશ ન કરવા કહેજે. જે નીમિત્ત હશે તે જ થાશે.

લક્ષ્મી—બહુ સારૂં અન્નદાતા! જાઉં છું. આપ સદા સુખમાં વિચરજો. (બન્ને જાય છે.)

સોરઠો.

હલામણ—દેશવટે દરાર સાચો, દીયો સીયે જેઠવે;
જઇને ભણજે જુહાર, હાલે ગયો હલામણો.

પ્રવેશ ૭ મો.

સ્થળ—સોનનો ઉતારો.

પાત્ર—સોન, દાસી પાછળથી સીયાજી.

સોન—અહાહા દીનબંધુ દીનાનાથ સ્વયંભુ! તું જગત માત્રનું રક્ષણ કરનાર છો તો આ એક નીરાધારને સાહ્ય નહી કરે તો પછી મારે આધાર કોનો? ખરો આશ્રય આપનાર તો

અત્યારે પરાધિન છે. ત્યારે તારા શીવાય મારી સહાયતા કરનાર કોઇ નથી. આ દુઃખી અબળાની દાદ દીલમાં ધરી પાપીનું પ્રાબલ્ય નષ્ટ કરી સત્યનો વિજય કરી મારા અંતરની આપદા અલગ કરી સુખરૂપી સુર્ય ઉદય કર.

લક્ષ્મી—(રોતી પ્રવેશ કરે છે.) બા સાહેબ બહાર પધારો.

સોન—કેમ બેન શા માટે રડે છે.

લક્ષ્મી—શું કહું બા! આપણા પર વીપત્તીના વાદળે પુરો ઘેરો ઘાલ્યો છે. હવે બચવાનો ઉપાય નથી.

સોન—બેન! છે શું? જલ્દી કહે.

લક્ષ્મી—બા કહેતાં જીભ ઉપડતી નથી.

સોન—લક્ષ્મી કહ્યા વીના છુટકો નથી માટે કહે.

લક્ષ્મી—બાઇ સાહેબ! કુમારશ્રી હલામણને તેના દુષ્ટ પિતાએ દેશપાર કર્યા.

સોન—હર હર શંભુ (મુર્છા ખાઇ પડે છે.)

લક્ષ્મી—બા સાવધ થાઓ, ધીરજ ધરો, હીંમત હારવાથી કાર્ય સફળ થશે નહી, વીપત્તીમાં ધીરજ રાખવી ઘટે છે.

સોન—(સાવધ થઇ) બેન શું ધીરજ ધરૂં, મારા હ્રદયાનો હાર તો ચાલ્યો ગયો. મને શાંતિ પમાડનાર સ્વામી ચાલતો થયો. મારી વીપત્તીને વન્હીમાં બાળનાર વહાલો વીદેશવાસી થયો. મારા માથાનો મુગટ મન હરણ કરી દુર ગયો. બસ હવે ખરે જ મારા સુખનો સુર્ય અસ્ત પામ્યો. શું કરૂં, ક્યાં જાઉં, ધીરજ કેમ ધરૂં, સુખમાં કેમ વીચરૂં.

સોરઠો

ઉતરો અંગાર મને જોતાં લાગે જેઠવો;
મારી ઉરમાં માર, ક્યાં હાલ્યો ગયો હલામણો.

સોન—બેન! મારા પ્રાણુપતિએ બીજું કાંઇ કહેવરાવ્યું છે?

લક્ષ્મી—બા! આ એક પત્ર આપ્યો છે. (આપે છે. સોન વાંચે છે) બાઇ સાહેબ જરા મને સંભળાવો તો ખરા.

સોન—સાંભળ દાસી.

(રાગ બણુઝારાનો.)

આ પત્ર વાંચીને પ્યારી, મન દ્રઢ કરજે વતી ધારી—ટેક
આ વખત આપણે માથે, નાખ્યું દુઃખ ત્રીભુવન નાથે.
તે ભોગવવું ભય ટાળી. મન દ્રઢ.
હું છું સૌથી દુર્ભાગી, જાઉ તારૂણી તુજ ત્યાગી,
શું કહું શીખામણુ તુજને છે પુરણુ ભરોંસો મુજને;
રહેજે તુજ ધર્મ સંભાળી, મન દ્રઢ.
જો મીલાવશે જગસ્વામી, તો ફરી મળશું દુઃખ વામી;
આ ઘડી તો જાઉં દુઃખ હારી મન દ્રઢ.

લક્ષ્મી—(સામે જોઇ) બા અંદર પધારો, પેલા દુષ્ટ ગોર મહારાજ શીયાજીને લઇને આવે છે.

સોન—બહુ સારૂ બેન, તું જવાબ આપી દેજે.

લક્ષ્મી—કંઇ ફીકર નહી, જાઓ અંદર (સોન અંદર જાય છે.) (શીયાજી તથા ગોર પ્રવેશ કરે છે.)

સીયાજી—કેમ દાસી, ઉતારા વગેરેની સોઇ તો સારી છે ને?

લક્ષ્મી—હા મહારાજ! બહુજ સારી છે.

સીયાજી—પણ તમોએ વગર વીચારે ને તપાસ કર્યો વિના આ ગોર મહારાજને નાહક બોલાવી ધીટકાર આપ્યો તે ઘટીત ના ગણાય. હલામણ તો છોકરૂં છે તેનાથી દુહો પુરો થાય કે? વળી તેને તો મેં દેશનીકાલ કરેલ છે માટે તારી બાઇને કહે કે તમારા મધુર સ્વરથી બે ઘડી વાતચીત કરી મને આનંદ આપે.

લક્ષ્મી—મહારાજા! આપ તો મારી બાઇને ધર્મના પીતા થાઓ. તેના પ્રત્યે કટુ વચન કહેતાં રૌ રૌ નર્કના અધીકારી થશો, સ્વર્ગના સુખથી વીમુખ બનશો માટે આપની પુત્રીની સંભાળ રાખવી તે આપની ફરજ છે.

સીયાજી—બસ કર નાદાન લોંડી! તું મને શીખામણ દેવાને યોગ્ય છે? તમારો બળાત્કાર કામનો નથી પરંતુ મારી મુરાદ પાર પાડવાને હું સત્તાવાન છું. સીંહની પાસેથી શીયાળ છટકી ક્યાં જનાર છે માટે વિચાર કરવાનું તારી બાઇને કહે નહીં તો વિપત્તિયોના પાહાડમાં અથડાઇ મરી જશો.

લક્ષ્મી—તમો દુઃખ દેવાને કે સુખ દેવાને સત્તાવાન નથી. તેનો કારભાર તો જગતનીયંતાએ પોતાનાજ હાથમાં રાખ્યો છે. જો તમારા જેવા મહાન પાપીઓના હસ્તક તે કારભાર હોત તો નહી કરવાના કૃત્યો કરત પરંતુ વિચારો વિચારો મહારાજા! પરસ્ત્રીમાં રાવણનું સત્યાનાશ ગયું. કૌરવનું બળ છેદન થયું, કેયા કીચકની કેવી સ્થિતિ થઇ, ચંદ્ર શ્રાપના ભોક્તા થયા; એવા હજારો દાખલા સાંભળ્યા છતાં આવા કૃત્ય કરવા કેમ ઉત્કંઠા ધરાવો છો? માટે વિચાર કરી પાછા પધારો. સતીની છેડ કરતાં સત્યાનાશ જશે. સીંહની મુછનો વાળ, મણીધરની મણી લેતાં, પરિણામ સારૂં આવતું નથી, તેમજ સતીની છેડ

કરતાં પણ તે ફળ પામશો, વીષ રૂપી પ્યાલીમાંથી અમૃત જેવા અલભ્ય ફળની નિરર્થક આશા રાખશો નહીં.

સોમદેવ—હવે તારી લવરી છોડી દેને ! તારી બાઇને કહે કે જલ્દી સ્વાધીન થઈ પટરાણી બને નહી તો હેરાન થઇ જશે. હલામણની સહાય ધરતા હો તો તેને તો દેશપાર કર્યો છે, માટે સમજી વિચાર કરીને મહારાજાના પટરાણી બની જાઓ.

સીતાજી—શીવ ધનુષ્ય કઠણ કઠોરરે માઇ-એ રાગ

બસ બસ બોલતી બંધ રહે તું
મુરખ બાનડી બોધ કરે શું-ટેક.
વગર વિચારે વદે મુખ વાણી,
રાજની રીતીથી લાગે અજાણી. બસ૦

તું મનની હીન મુરખ તુજ બાઇ,
કેમ કરે વિચાર નહિ મનમાઇ
કાળનો પંજો પડયો તુજ માથે
નહિ સમજો તો રહો દુઃખી હાથે. બસ૦

નહીં વદજો ફરી વગર વિચારે
મારવી પડશે ગુલામડી મારે. બસ૦

સોમદેવ—મહારાજાનો ગુસ્સો હાથ રહે તેમ નથી માટે સમજી સ્વર્ગનું સુખ માણો ને લક્ષ્મી ચાંલ્લો કરવા આવે છે તો મુખ ધોવા શા માટે જાઓ છો !

લક્ષ્મી—નીચ નીમકહરામ લુચ્ચા ! તારા પ્રપંચની જાળમાં અમોને ફસાવી અહીં લાવ્યો, પરંતુ યાદ રાખજે કે તારા કાળા

કૃત્યના ફળ તને મળશે જ. નીચ તારી મા બેનોને પટરાણી બનાવી તારી પાપી હોજરી ભર.

સોમદેવ—નીચ, નાદાન બાનડી! તું મારૂં અપમાન કરે છે? હું અત્યારે મહારાજાનો માનીતો છું માટે યાદ રાખજે કે તારી બાઇને જો સીયાજીની પટરાણી બનાવું તો જ મારૂં નામ સોમદેવ.

ચાલો મહારાજા! આ વખતે. પછી જોઇ લેઇશું કે કેમ નથી માનતી. તારી બાઇને કહેજે કે સુખ સંપતી ભોગવવી હોય તો જલ્દી સમજી જાય નહીં તો અમારા સપાટામાં સપડાએલ કદી બચવાના નથી સમજ્યાને.

લક્ષ્મી—જા નીચ! તારાથી બને તે કરજે. અમારા જીવનો ઉત્સુક હો તો તે લેજે પરંતુ ઝાંઝવાના જળ અને સસલાના શીંગ માફક ખોટી આશા રાખીશ નહીં!

સીયાજી—ઠીક છે જોઉં છું. ઝાંઝવાનું જળ પીવાય છે કે નહીં. ચાલો મહારાજ! ચાલો (જાય છે.)

સોન—બહાર આવી સાબાશ લક્ષ્મી તને સતકોટી સાબાશ છે. તારા જેવી સુજ્ઞ દાસીઓ મારા પાસે ન હોત તો મારી દુર્દશા થવાને જરી વીલંબ રહેત નહિ અને સહાયતા કરનાર કોણ! બેન! તારો ઉપકાર મારી જીંદગીપર્યંત ભુલી શકાય તેમ નથી. વિશેષ શું કહું પણ બેન હવે શું ઉપાય કરવો.

લક્ષ્મી—બા! મને આવી ખોટી ઉપમા આપી શરમાવો છો શાને ? હું કંઈ કરૂં તે આપના પુન્ય પ્રતાપથી. વળી મારો જે ધર્મ છે તેનાથી વિશેષ કંઇ નથી. બા ધીરજ ધરો. પાપીનો પ્રયત્ન પરમાત્મા પળમાં ખેંચી લઇ સતીની સહાયતા કરશેજ.

સોન—બેન! કદાચ તેઓ આપણા પર બળાત્કાર કરશે તો પછી આપણો શું ઉપાય.

લક્ષ્મી—બા એ દુષ્ટોનો શો ભાર છે. જ્યાં સુધી આ શરીરમાં પ્રાણ છે યાતો નસોમાં લોહીનું હરવું ફરવું છે ને જ્યાં સુધી દ્રષ્ટાથી ચાલતાં મનુષ્યોને જોઇ શકું છું ત્યાં સુધી દેવ કે દાનવનો પણ ભાર નથી કે આપનું શીયળ ખંડિત કરે.

સોન—શાબાશ બેન! વીપત્તીરૂપી વન્હીમાં તારાં ધીરજ રૂપી વચનો વારીરૂપ બને છે. હવે પુજનનો વખત થયો છે માટે ચાલો.

લક્ષ્મી—બા પધારો. તમામ સાહિત્ય તૈયાર છે (જાય છે.)



અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ-જંગલ.

હલામણ—(પડું છું વિખુટો પ્રિયા-એ રાગ)

મુજ જન્મભૂમિનો વિયોગી હું થયો હવે,
સખી મનુષ્ય વર્ગમાંથી હું ગયો હવે—ટેક
તજી પવિત્ર વર્ગ મેં તજ્યા.
તજ્યું તમામ રાજ્ય ભ્રષ્ટ હું રહ્યો હવે. મુજ૦
ક્યાં રહ્યો સ્વદેશ મારો પ્યારા પ્રાણથી.
જરૂર જરૂર ક્રોધ તેથી વ્યાપીયો હવે. મુજ૦

અરેરે હવે નીરર્થક આશા શા માટે રાખવી. ચાલ અત્યાર સુધી મનામણાની રાહ જોઈ પરંતુ વીના અપરાધે જેણે દેશ નિકાલ કર્યો તે ફરી બોલાવેજ ક્યાંથી.

સોરઠો.

બેઠો બગાધાર મન જાણ્યું મનામણ આવશે,
દેશનેજ ધરાર, સાચો દિયો સીયે જેઠવે.

ચાલ જીવ હવે રસ્તો પકડ. સાંજ થવા આવી છે. સામેના બગીચામાં રાત્રી નિર્ગમન કરી સવારમાં રવાના થઇશ. (બગીચામાં જઇ સુવે છે)

આહાહા સ્વયંભુ ! શું તમારી ગહન ગતિ, ધુમલી રાજકુમારની આ રંક સ્થિતિ ! ઠીક સ્વયંભુ જેવી તારી ઇચ્છા.

સોરઠો.

ધુમલી રાજકુમાર, રવડતો જંગલ વિષે;
ઇશ્વર તુજ આધાર, અવર આજ મળે નહીં. ૧
નોકર હતા હજાર, ખમાં ખમાં સઉ બોલતાં;
તે ધણી આજ બેજાર, થઇ સુતો આધાર વીણુ. ૨
પલંગનો પોઢનાર, તે ભોંય પથારી ભાળીને;
રૂદન કરે અપાર, નશીબ તુજ બલીહાર છે. ૩
કર્મે લખ્યું કીરતાર, છઠીના ચુકેજ નહીં,
હુન્નર કરો હજાર, આખરના આડાં ફરે. ૪
માતા પીતા ને ભ્રાત, સ્વાર્થના સહુ સોબતી;
એક ત્રીભોવન તાત, સાચા સંબંધી સર્વના. ૫

ચાલ હવે બે ઘડી નીદ્રા લઉં (સુઇ જાય છે.) (પાછો જાગીને) અરે નીદ્રા શા સુખની આવે માટે ચાલ રસ્તે પડું. કોનો ભય છે. ભય માત્ર તો શરીરમાં ભર્યો છે તો હવે શાની બીક છે. નાહક આ ભૂમીમાં રહી વિશેષ દુખ થશે માટે ચાલ.

અરે પણુ ચાલતાં ચર્ણુ ઉપડતા નથી, સોન! તારા વીયોગે આ શરીર શક્તિહીન બની ગયું છે. નિરર્થક કલેવર મારાપાસે છે પરંતુ મારો આત્મા તો તારા પ્રેમ પાસમાં સજડ જડાઈ ગયો છે તેને શાંત કરનાર તારા પ્રેમ રૂપી વચનો તેમજ કોમળ શરીરના સ્પર્શ વીના શાંતી મળેજ ક્યાંથી. આહાહા! એવો અમુલ્ય વખત ક્યારે મળશે. દીનબંધુ દયાનીધી આપ ખલકનું પ્રતીપાલન કરનાર તે એક દુઃખી મનુષ્યની સાહયતા નહી કરો.

હું તો પામર છું, અજ્ઞાન છું, આપના નામથી સદા વિમુખ રહ્યો હોઇશ પરંતુ પુત્રની સંભાળ રાખવી તે પીતાશ્રીની ફરજ છે, પછી પુત્ર સુપાત્ર હોય કે કુપાત્ર હોય તોપણ રહેમ દ્રષ્ટિથીજ આપને જોવું ઘટીત છે. આપે અનેક ભકતોની સહાયતા કરી છે. પ્રહલાદજીને પળમાં પાપીના હાથથી બચાવ્યો છે. તેમજ દ્રૌપદીની દુરદશા કરી સભામાં ચીર પુરી સંતોષ પમાડનાર તમેજ. સુદામાની સહાયતા કરી સુખ રૂપી સુર્ય ઉદય કરનાર તમેજ. પાંડવોની પ્રીતિ સંભાળી પાપીનો પરાજય કરનાર તે પણ તમેજ. આવા અનેકનો ઉદ્ધાર કરી ભવસાગરથી તાર્યા છે તો હું રંકની રહેમ હૃદયમાં લાવી જલ્દી સહાયતા કરો. મને રાજકુમાર સુખ સંપતી વૈભવ વીગેરેની બીલકુલ આશા નથી પરંતુ મહારા પ્રાણથી વિશેષ વહાલી પ્રેમદાને મીલાવો એજ માગણી છે. ઠીક સ્વયંભુ જેમ તમને ગમે તેમ કરો ચાલ ગમન કરૂં. (ચાલતો થાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ-નદી કીનારો. પાત્ર-હલામણ બારવા વીગેરે.

હલામણ—અરે ! ચાલતાં ચાલતાં પ્રાતઃકાળ થઇ ગયો, ધુમલીની હદ પણ છોડી દીધી. ચાલ હવે આ સરીતામાં દંતધાવન કરી સ્નાન સંધ્યાથી પરવારી રવાના થાઉં (નદી કીનારે જાય છે ત્યાં વાંસ તણાતો આવે છે તેને લઇને) અરેરે મારા વહાલા વાંસ મારા દેશપારથી તારી આ દશા થઇ, હું ત્યાં હયાત હોય તો તને કાપવાને કોણ શક્તિવાન હતું પણ કહે વહાલા મારી પ્રાણ પ્રીયાના કંઇ સમાચાર છે.

સોરઠો.

હલામણ હુતે, કાતળીએ કપાતીજ નહીં;
જેઠવો જાતે આજ, વન વન વીખાણો વાંસડો. ૧
ભરડાની ભરી બાથ, લઈ આંગણ રોપાવું,
દેશાયે દીઠે જરા વીધન, હરૂં જઈ વાંસના. ૨
વાલા વીયોગી વાંસ, અહીં શીયે અવગુણે આવીયો;
ભણને મારી ભોમના, મને સંદેશો કંઈ સોનનો. ૩
સોન સુભાગી નાર, સમાચાર દે સીધ્ધિના;
માનીશ હું ઉપકાર, વહાલા વિયોગી વાંસડા. ૪
વીયોગી મુજ નાર, દુઃખ સહન થશે નહી;
કરણહાર કીરતાર, મનુષ્ય યત્ન ચાલેજ નહી. ૫

મને અતી આનંદ થાય છે; કહે ભાઇ મારી સોનના ખબર છે કે તેણેજ તને મારી શોધ કરવા મોકલેલ છે. જે હોય તે જલ્દી કહે, મારૂં અધીરૂં મન સાંભળવાને બહુ ઉત્સુક છે; (વાંસને કને લગાવી) (સ્વગત) હે જેઠવા ! કુળદીપક મણી ! તારા જવાથી અમારી રક્ષા કરનાર કોઇ ના રહ્યું જેથી કબાડી લોકોએ મને કાપી જળમાં ફેંકી દીધો ને પાણીના લોઢથી અહીં આવ્યો જેથી મને સોનનું ભાન રહ્યું નથી.

સોરઠો.

કાપ્યો લઇ કબાડીએ, પછી ઝીંકયો જળમાંય;
લોઢે લોવાણો આજ, શુદ્ધ ન રહીજ સોનની.

હલામણ—ભાઇ તારો દોષ નથી. વિપત્તિમાં શાંતિ મળેજ ક્યાંથી. જ્યાં કુર તકદીરની હદ વળી ગઇ ત્યાં પછી સીદ્ધિ સમાચાર ક્યાંથી ? ખેર કંઇ નહી જેવા સંચિત (અંદરથી ખારવા હોકાર

કરે છે) (સામે જોઇ) અરે સામેથી મચ્છીમારો હોડી હંકારી ચાલ્યા આવે છે; માટે ઘેઘડી ઉભો રહું.

ખારવા—

હેલીયા માલેક, સલામત હેલીયા માલેક,
સુરત બંદર આયા, રામા હેલીયા માલેક,
વહાણ ચલાયા, મુંબઇ બંદર હેલીયા માલેક,
સહીસલાત આયા, રામા હેલીયા માલેક.

૧. લો—એ જાલ ડાલેરે જાલ.
૨ જો—બડી મચ્છી આઇરે બડી મચ્છી.

હલામણ—(સ્વગત) ચાલ આ લોક પાસે જાળ નંખાવી મારા તકદીર અજમાવું (પાસે જાય છે) એ ભાઇ મચ્છીમારો તમો મારા નીમીત્તની જાળ નાંખોતો આપનો ઉપકાર માનીશ.

જાલીડા નાંખને જાળ, મીટા મેરામણ મધ્યે;
કરમ છે કપાળ તકે, બોતેરસેં બાડે રહ્યા.

(ખારવા જાળ નાંખે છે તેમાં મોતી નીકળે છે એટલે છુપાવી દીયે છે ને ખાલી જાળ હલામણને બતાવે છે.)

હલામણ—કાંઇ ફીકર નહીં. મારા તકદીરની જાળમાં સાચા મોતી નીકળ્યા છે પણ તે લોકોએ છુપાવ્યા છે. ભાઇ તમારા નીમીત્તની જાળ નાંખી જોઉં.

જાલીડા નાખને જાળ, તારા નીમીતની નોંધીને,
આવેલા શંખલા ને શેવાળ, માંછલીયો ટોળે મળે.

(જાળ નાખે છે તેમાં શંખલા ને શેવાળ આવે છે.

હલામણ—વાહ તકદીર તું મારા ઉપર મહેરબાન છે ત્યાં

સુધી કશી ચિંતા નથી. ચાલ હવે રસ્તે પડું. ભાઇ! હાલારનો રસ્તો કયો?

ખારવો—ભાઇ તુજો નામ કુરો.

હલામણ— સોરઠો.

બરડે મારૂં બેસણું, ધુમલી મારૂંજ ગામ,
જાતના છીયે જેઠવા, હલામણ મારૂંજ નામ. [જાય છે]

પ્રવેશ ૩ જો.

સ્થળ—હાલારમાં કુઇનો મહેલ.

કુઇબા—દાસી! આજે મને બીલકુલ ચેન પડતું નથી. અપશુકન થાય છે. તમામ સ્થળ દુઃખમય ભાસે છે. શું થશે?

દાસી—બા! શરીર છે તેમાં અનેક વાયુ ફર્યા કરે તે તેની ખોટી કલ્પના કરવી નહી.

દાસી—બા બા વધામણી છે.

કુઇબા—શાની વધામણી દાસી.

દાસી— સોરઠો.

કાળો ઘોડો કાટવો, ભમર ભાલુ હાથ;
બાઇ આપણી બજારમાં, મેં દીઠી જેઠવાની જાત.

કુઇબા—અરે જા હલામણ તો હોયજ નહી. અત્યારે મારા ભાઇ નીકળે જ શાના? તેં તેના જેવો કોઇ બીજાને જોયો હશે?

દાસી—બા હું હલામણ કુંવરને ઓળખું છું. મને જુઠી ના બનાવો.

સોરઠો.

આંગળીએ ચોગડ, વળે નહિ વેઢો કે વળ,
બાઇ આપણી બજારમાં, દીઠો માધવો નળ.
કાળા કાપડ અંગ, પહેરી બજાર પરવર્યો,
અવર નહીં કો સંગે, હલામણ હાલ્યાં ગયાં.
દુ:ખ ભરેલી કાય, સુખ જરી દેખ્યું નહી,
વીપત્તિમાં ઘેરાઇ, જતાં દીઠાં મેં જેઠવા.
કરમાયેલ શરીર, કાંતિ કાંઇ દીઠી નહીં,
દીઠા દુર લગીર, તન સોસાયું મારૂં.

ફુઇબા—મેં તેને હજારો પત્ર લખી તેડાવેલ છતાં આવતો નથી ને આમ અચાનક ક્યાંથી હોય પરંતુ ઉટની એકદમ ચાલમાં તેનો ભાસ થયો હશે.

સોરઠો.

હલકે હાલ ઉંટની, પગપાની જેઠવો કરે;
બાની ધશે બાળ, હલામણ હશેજ નહીં.

દાસી—બા, તમો મને મુરખા બનાવી દીયો છો. રજા હોય તો બોલાવી લાઉં. પછી શું ?

ફુઇબા—જા જલદી બોલાવી લાવ.

દાસી--જેવી આજ્ઞા; (જાય છે.)

ફુઇબા—અરે પણ આમ અચાનક હલામણ ક્યાંથી હોય. મને પહેલાથી ખબર કેમ ન આપી. હશે જે થશે તે હમણાં જણાઇ આવશે (હલામણ પ્રવેશ કરે છે)

હલામણ—ફુઇબા આપને નમન કરૂં છું.

ફુઇબા—ઓવારણા લઇ કલ્યાણ બેટા ! અચાનક ક્યાંથી.

હલામણ—બા ! સેજ ફરવા નીકળી આવ્યો.

ફુઈબા—નહી બેટા, તારો વેશ ભયંકર છે તેમજ તારી મુખ-મુદ્રા સુચવે છે કે તું મોટી વીપત્તીમાં ઘેરાયેલો છે તો જે હોય તે જલ્દી કહે. મારૂં મન મુઝાય છે.

હલામણ—શું કહું મારા કર્મની વાત. મારૂં દુઃખ કહેતા પથ્થર પણ ફાટી જાય તો તમને કહી દુઃખ ઉત્પન્ન કરવાને ઇચ્છતો નથી માટે તે વાત જવા દ્યો.

ફુઇબા—બેટા ! જલ્દી કહે શું દુખ છે. ના કહે તો મારા સોગન છે.

હલામણ બા ! આપનો અત્યાગ્રહ છે તો સાંભળો. બાલંભાના મહારાજા માનસીંહની કુંવરી સોન છે તેણે વર માટે અરધો દોહો બનાવ્યો તે લઇ બ્રાહ્મણ ત્યાં આવ્યો ને મેં પુરો કર્યો. પીતાશ્રીની મતી ભ્રષ્ટ થઇ. તેણે બ્રાહ્મણને લલચાવી તેનું નામ દાખલ કર્યું. સોનને વીશ્વાસ નહી આવતાં તે પોતે ધુમલી આવી. તેની દાસી તથા મારી દાસીને તકરાર થતાં વાત ફુટી ગઇ. પીતાશ્રીએ મને બોલાવી ખોટું તહોમત નાંખી દેશપાર કર્યો જેથી હું અહીં આવ્યો છું પરંતુ ફુઇબા આ કલેવર જીવરહીત થઇ ગયું છે. મારો પ્રાણ સોન પાસે છે.

ફુઇબા—અરર ! આટલી બધી નીચતા. નીચ ભાઈ ! તને જરા પણ ઇશ્વરનો ડર આવ્યો નહી. ઠીક છે. હું તને જોઈ લઉં છું. દાસી ! જલ્દી સેનાપતીને કહે મોટું લશ્કર લઇ ધુમલી જઇ પાપીનો પરાજય કરી પાછાં આવે.

દાસી—જેવી આજ્ઞા (જાય છે.)

ફુઈબા—બેટા કાંઇ નહી તને સોન જેવી હજારો પરણાવીશ માટે નિશ્ચિત રહે. આ રાજપાટ તારૂં છે.

હલામણ—બા! આપનું કહેવું શીરોચશ્મ કરૂં છું. તમે લાખો સ્ત્રીઓ પરણાવો પરંતુ સોન એ તો સોન જ.

સોરઠા

લાંબા પહેરે ઘાઘરા, પેટે ડમરીયું;
વારૂ સોનના ઉપરે, લઇ સોલસે સુંદરીયું. ૧
કાઠીયાણી કેડ પાતળી, હલકતી માથે જ હેલ;
બરાડા હુદી બજારમાં, ઢળકતી 'જાણું ઢેલ. ૨
મારૂ નામ હે ગંગાજળ, ઉભી કેશ સુકાય;
ચંદન કેરે રૂખડે, નાગજ કોળા ખાય. ૩
જે કુળ જે અભ્યાસ હે, તે કુળ તે અભ્યાસ;
સીંહ પડે સો લાંઘણા, તોય ન પરખે ઘાસ. ૪

માટે ફુઇબા સોન વીના આ સંસારની તમામ સ્ત્રીઓ મારે ભગિની સમાન છે તે નીશ્ચય.

ફુઈબા—ભલે બેટા! તારા તકદીરમાં જે તે હશે તો મળી રહેશે ચાલ ઓરડામાં જઇ પલંગપર સુઇજા એટલે જીવને શાંતી થાય.

હલામણ—ફુઇબા! મને સુખની સેજ્યાં સોન વીના હોયજ નહી.

સોરઠો

સુખની સજ્યા હોય, સુખે તો સુવાય નહી;
હલામણ હોય, સોન વીયોગે સાથરે.

ફુઈબા—બેટા! ત્યારે બગીચા તરફ જા. તારા જીવને આનંદ થાય માટે જાઓ.

હલામણ—બહુ સારૂ ફુઇબા! ત્યારે બગીચામાં જાઉં છું.

ફુઈબા—ભલે પધારો! (હલામણ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—સોનનો ઉતારો.

પાત્ર—સોન, દાસી, ગોર, શીયાળજી વીગેરે.

સોન—દીનબન્ધુ! દીનાનાથ! શું તને એક નીરાધાર અબળાની દયા નથી આવતી! વહાલા! તમે અનેક ભકતોના કષ્ટો કાપ્યા છે, તો મહારી વાર કરવાને તમો સમર્થ નથી? અને જો એમ હોય તો મીરાંબાઈના વીષના પ્યાલાનું અમૃત બનાવનાર કોણ? નરસીંહ મહેતાને માટે અનેક રૂપ ધારણ કરી કામ કરનાર કોણ? અમરીશના માટે સુદર્શન ચક્ર મુકી રૂષીને પગે લગાડનાર કોણ? પ્રહલાદજી માટે નરસીંહ રૂપ ધારણ કરનાર કોણ? દ્રૌપદીનાં ચીર ભરી સભામાં પુરનાર કોણ? સવરી જે ભીલડી તેના જુઠા બોર ખાનાર કોણ? આવા અનેક દાખલાઓ બતાવી હવે મારી સહાયતા નહી કરો કે? ઠીક જેવી તમારી મરજી.

દાસી—બા! આમ દીવસ રાત્રી શોકમાંને શોકમાંજ શરીરને બાળી નાખશો. આથી અમોને કંઇ પણ સારૂ લાગતું નથી.

સોન—બેન! શું કરૂં કોને કહું ચીતહરણ ચોર ચોરી કરી ચાલ્યો ગયો. પ્રાણ પરવશ કરી સટકી ગયો. મારી સહાયતાનો સાગર સુકાઇ ગયો. ત્યારે જળ વીના મીનનું બચવું કેમ થશે.

દાસી—બા! ધીરજ ધરો. જગકર્ત્તા સહાય કરશે (સામો જોઇ) બા જલ્દી અંદર પધારો પેલો દુષ્ટ આવે છે (સોન અંદર જાય છે.)

સીયાળજી—(પ્રવેશ કરી) કેમ દાસી! તારી બાઇ કાંઇ સમજ્યા કે?

દાસી—મહારાજ! અમોને નાહક શીદ સતાવો છો. જ્યાં સુધી અમારામાં પ્રાણ છે ત્યાં સુધી તમો તો શું પરંતુ દેવ પણ શીયળ ભંગ કરવાને સત્તાવાન થઇ શકશે નહીં માટે પધારો.

સીયાજી—નીચ બાનડી! તું હરવખત મારી સામું બોલી અપમાન કરે છે. તારી ઓખાત શી! તું નીજ જોડાની ઉચકનાર મારી સામે બોલવાને શક્તિ ધરાવે છે. ચાલ દુર. (આમ કરી ધક્કો મારવા જાય છે.)

સોન—બસ કર! વીષયાંધ કુકર્મી રાજા, બસ કર, તું પણ બાન-ડીથી નીચ છે નહી તો દાસી ઉપર હાથ ઉપાડેજ નહી. નીચ રાજા તેં જેઠવા કુળ લજાવ્યું છે. તારા પૂર્વજોને અસદ્દગતિએ પહોંચાડનાર નીચ રાજા! તારી મુરાદ પાર નહી પડે માટે અમો અબળાને દુઃખ દેવામાં સાર નથી.

સીયાજી—શશીવદની સુલોચના મૃગનયની નીતંબની મુગ્ધા! તને છોડી કયાં જવાનું છે. તારા વીના આ સંસાર શુન્ય છે. ખાવું પીવું મોજ મજા તારા વીના વીષ સમાન છે. વહાલી શા માટે સતાવે છે. પ્યારા કહી ગળું લગાવ. લાગેલી વીરહાગ્નિને શાંત કર. કદાચ મારા પ્રેમની પરીક્ષા કરતી હો તો બસ હવે હદ થઇ. હવે જલદી ભેટો કે કોમળ અંગના સ્પર્શથી સદ્દભાગી ગણાઉં તમારાં પ્રતાપથી રાજ વૈભવ અને જીંદગી સફળ માનીશ. હવે દુર ના રહો. તન મન ધન અર્પણ આપનેજ છે. તમારા વીના અન્ય રાણીઓ મારે ભગિની સમાન છે માટે દુખ સમુદ્રમાં ડુબેલાને તારો, બચાવો.

સોન—અરે એ નીચ લંપટ વ્યભીચારી તારી પુત્રીતુલ્ય પુત્ર પત્નીને પ્યારી કહેતાં તારી જીભ કેમ તુટતી નથી. તું રૌ રૌ

નર્કનો અધીકારી બનીશ. તારૂં સત્યાનાશ જશે. તારૂં રાજ પાયમાલ થશે. રાજવૈભવ ધુળ મળી જશે, નીચ.

સીયાજી--નીચ નાદાન બેગમ અત્યાર સુધી તારૂં અપમાન હું સહન કરૂં છું તેમ તેમ તને વીશેષ બોલવાની સત્તા વધતી જાય છે, ચાલ સ્વાધીન થા, નહી તો શમશેરથી ટુકડે ટુકડા કરી દઈશ ચાલ શું જવાબ આપે છે. સત્વર બોલ.

સોન—જા, નીચ જા. તારી શમશેર વાપરી ખુશીથી શાંત થા. મારા પ્રાણ કરતાં શીયળ વીશેષ પ્રિય છે. નક્કી નામ ધર્યું તે નાશ થવાનું જ તેમાં તું મારનાર ને બચાવનાર કોણ. નીચ તું અહીં ગમે તેવા કૃત્ય કરે પરંતુ પરમાત્માને ઘેર તારા તમામ કૃત્યો જમા ઉધાર રહેશે ને તેનું ફળ મળશે જ–તારાથી બને તે કૃત્ય કર પરંતુ શુરી ક્ષત્રાણી ડરનાર નથી. પરમાત્મા હજુર તારો ન્યાય થશે ને ખાતામાં ખોટ જોશે ત્યારે તને યમને હવાલે કરશે ને તે તને કુંભીપાકમાં નાંખશે ત્યારે પુરો પસ્તાવો થશે, માટે વીચાર ઓ વીષયાંધ રાજા! અબળા જે અગ્નિનો કુંડ છે તે જગતકર્તાએ ઉપરનો સારો રંગ બનાવ્યો છે તે મીથ્યા મોહમાં લુબ્ધ શા માટે બને છે માટે વીચાર કરી પાછા પધારો, તો ફજેતીના ફાળકે નહીં ચડો. નહીં તો દુનીયાના ફીટકારના અધીકારી બનશો માટે પાછા પધારો.

શીયાજી--બસ કર! બસ કર! હું તારૂં ભાષણ સાંભળવા આવ્યો નથી. તને પટરાણી બનાવવા આવ્યો છું. તેમાં પંડીત બની સમજાવવા શું આવી! હું તો તમામ સમજીને જ બેઠો છું. ભલે નર્કનો અધીકારી બનું પરંતુ હાલ તો સ્વર્ગનું સુખ લેવા દે. મુવા પછી થાવ તે ખરૂં. પછી કોને ખબર છે. જરા સમજ તો ખરી કે મહારા જેવો શુરવીર પરાક્રમી રાજા બીજો તને કયો વરનાર છે.

સોન—મુરખ વળી મહત્તાની વાત કરે છે. તારૂં આટલું અપમાન કરવા છતાં તને જરા શરમ નથી. બેશરમ ચાલ્યો જા. કાળી નાગણની છેડ કરતાં પ્રાણ ખોઇશ.

શીયાજી—નથી માનતી કેમ ! લે તેનાં ફળ (ચોટલો ઝાલવા જાય છે. ત્યાં તો સીયાની દાસી દોડતી આવે છે)

દાસી--બાપુ બાપુ ! જુલમ થયો. કોઇ દુશ્મનો ચડી આવ્યા છે ને શહેરમાં પ્રવેશ કરી દોઢીના ઘણા માણસોને કાપી નાંખ્યા. પ્રધાન સેનાપતી વીગેરે નાસી ગયા છે માટે જલ્દી આવી દુશ્મનને હરાવો.

શીયાજી—અરે વળી વચમાં આ વીપત્તિ ક્યાથી.આવી. ઠીક છે નીચ અબળા આ વખતે તો દુશ્મનોએ આવી ઘેરો ઘાલ્યો છે જેથી હું જાઉં છું પરંતુ ફરી આવી નારી ખબર લઇશ.

શીયાજી-- ઉર ઉપજે છે.

ઉર પામે છે પરીતાપ વચન તુજ સાંભળીરે,
મારૂં એ થાએ છે મનમાં સ્ત્રીહત્યાથી ત્રાસુ તેમાં;
હારીશ અંતે જીવ હઠીલી તું ખરીરે, ઉર૦
સદ્ગુણ તારો મુકાણો ઉર બાંધ્યો પ્રીતીનો પાણો
વરતે નહી વામ વખતે અનુસરીને. ઉર૦
હાલ હલામણ છે કયાં આહી કેનું રહી તે તું પણ ગ્રહી
વણ મોતે મરવાને પંથે શું પડીરે. ઉર૦
આ ટાણે જઉં તજી તુજને ઘેર્યો છે શત્રુએ મુજને
પણ ફળ હું આપીશ તુજને આવી ફરીરે. ઉર૦

સોન—જા નીચ ! પરમાત્મા તને ત્યાં જ રાખશે. તારો પરાજય થશે એ મારો આશીર્વાદ છે [સીયાજી જાય છે]. દાસી જગ-

કર્તાએ આપણી સહાયતા કરવાજ દુશમનને મોકલ્યા તે હવે આપણે સટકી જવાનો વખત છે આપણુને કોઇ અટકાયત કરે તેમ નથી માટે સત્વર ચાલો.

દાસી—ચાલો બા! તમામ તઇયારજ છે (સટકી જાય છે).

પ્રવેશ ૫ મો.

પાત્ર-હલામણુ—પડે ન મુજને ચેન.

પડે ન મુજને ચેન, પ્યારી પડે ન મુજને ચેન
પરાધીન હું પલ પલ તલસુ, પ્રિય વીના દીન રેન,
સુખ ઉપચાર વીમુખ આ ટાણે, બને મુને દુઃખ દેન. પ્યારી૦
દશે દિશામાં દુખ ને દુખ, જોઉ જયાં ભરી નેન,
હું દુભોગી દુખનો પ્રાણી, અધીક સતાવે ચેન. પ્યારી૦

સોન! સોન! તારા વીના એક ક્ષણ પણ શાન્તી નથી. સકળ સંસાર શુન્યવત લાગે છે. અહાહા! મારા જેવી હીણભાગ્ય કોણ. શું મારૂં પરાક્રમ શું શુરવીરતા કે એક નીરાધાર અબળાની પણ મારાથી સહાયતા બની શકી નહી. તે બીચારાને મારો પીતાશ્રી કોણ જાણે કેવા સંકટો આપશે ત્યારે તે બીચારાંનું તેની પાસે શું જોર ચાલશે, પણ તે શુદ્ધ ક્ષત્રિયાણી છે. સતીઓમાં શ્રેષ્ટ છે. પતીવૃતાંઓમાં પહેલવાન છે જેથી મારાં અંતઃકરણમાં પરમ વિશ્વાસ છે પરંતું તેવી શુદ્ધ અબળાઓની સહાયતા નહીં કરનારને સતકોટી ધીક્કાર છે. સ્વયંભુ સાક્ષ કર. દુખીની દાદ દીલ ધર. હવે તો દુખથી કંટાળી ગયો છું. આ વીયોગ દુખ કરતાં મરવું શું ખોટું છે. પ્રીયા! તારા વીયોગે આત્મઘાત

કરી પ્રાણ ત્યાગ કરવાની પણ ઉત્કંઠા થાય છે. પરંતુ પરમાત્માનો ગુન્હેગાર અને નર્કનો અધીકારી બનવાના ભયથી તે કૃત્ય કરી શકતો નથી. વાહ તકદીર વાહ! શું મારા નીમીતમાં આવુંજ દુઃખ માંડયું હશે. પરંતુ તે ક્યાં સુધી ભોગવવું પડશે તે નિશ્ચય નથી. ઠીક જેવી પરમાત્માની મરજી. ચાલ બે ઘડી પેલા વૃક્ષ નીચે સુઇ જાઉં કે શરીરને શાંતી મળે (સુઇ જાય છે).

[પાસેના ઝાડમાંથી સર્પ નીકળી ડંસ કરી ચાલ્યો જાય છે. હલામણ જાગી ઉઠે છે. સર્પને નજરે જોઇ]

હલામણ—હર હર શંભો! અરે ઓ દુષ્ટ સર્પ તેં મને અચાનક ડંસ કર્યો. મારી પ્રીયાનો સદા વીયોગી બનાવ્યો. અરે ઓ વહાલી સોન! સોન! હવે મારા છેલ્લા પ્રણામ છે! વહાલી પ્રેમનું પાણી પીવાનો તેમજ પાવાનો વખત ઇશ્વરે ના દીધો. અરેરે શુદ્ધ ક્ષત્રાણી સોન તારો વીયોગી પતી હવે સ્વર્ગની તઇયારી કરે છે. મારા હજારો દોષ માફ કરજે. વહાલી તારા મુખ દર્શનનો લાલચુ હવે તું દુખી ન થા. તારા દુખની હદ વળી ગઇ છે. તારા અને મારા સુખનો સુર્ય અસ્ત પામ્યો છે અરેરે! લાડીલી લલના એક વખત જો મને મળી હોત તો મારી સદ્દગતિ હતી પરંતુ હું અસદ્દગતિથી મરૂં છું. વહાલી! હવે તું કલ્પાંત ના કરજે. શ્રી હરી ઉપર શ્રદ્ધા રાખજે. સુખ દુખના દીવસો વ્યતીત કરજે દીલ ના દુભાવજે. હવે તો મારી પેઠે જ્યારે તારી જીંદગી આ ફાની દુનિયામાંથી થઇ રહે ત્યારે તું મને સ્વર્ગમાં મળજે. અરે ઓ ક્રુર સર્પ તને જરા પણ મારી દયા ન આવી. મારી દયા ન આવી તો ખેર પરંતુ નીરાધાર અબળાની પણ દયા ન આવી. તારે જો પ્રાણ લેવો હતો તો ભલે પણ

એક વખત મારી મનોહરણી મુગ્ધાનો મીલાપ તો થવા દેવો હતો. અરેરે મારી આશાનો અંબાર તેં બાળી ભસ્મ કરી દીધો. અરે! ઓ દયાળુ દેવ! તુને અનંત કોટી બ્રહ્માંડમાં બીજો કોઇ પ્રાણી લેવો ના ગમ્યો, ભલે મારોજ ખપ હતો તો મારી પ્રીયાને એક વખત અહીં મોકલાવવી હતી. હું તેના દરશન કરી મારા સદ્ભાગ્ય માનત પરંતુ તેં વખત રહેવા ન દીધો! સોન સોન! તું હવે આધાર વીનાની થઇ રહી છે. તારા સુખ દુખની વાતો શ્રવણ કરનાર તો ચાલ્યો જાય છે. તારો હીણભાગી પતી તારા દુખમાં કિંચીત્ ભાગ લઇ શક્યો નથી. તને વીપત્તીમાં ધીરજ આપી સહાયતા કરી નથી. તારા અધરામૃતનું અમૃતમય પાન કર્યું નથી. તારો કોમળ હસ્ત આ શરીરને અડકાવી કૃતાર્થ કર્યો નથી. ત્યાં આવો વખત આવી મળ્યો તો ખેર પ્રીયા! તું ધીરજ ધરજે. તારા પતીવૃતનું રક્ષણ કરજે, તારા દુર્ભાગી પતીને કોઇ દીવસ યાદ કરી દુખી થઇશ નહી તેમ જ મને આશીર્વાદ આપજે કે મારી સદ્ગતિ થાય. વળી ઓ દીનાનાથ! મારી છેલ્લી એટલી અરજ છે કે મહારા પ્રાણથી વીશેષ વહાલી પ્રેમદાની રક્ષા કરજે ને મને જ્યાં જન્મ આપે ત્યાં તેજ પ્રીયાનો સંબંધ કરાવજે એજ માગું છું.

નહી બચું જરૂર હું હવે હરી હરી,
ડસ્યો આ દુષ્ટ સર્પ મુજને હરી હરી—ટેક.
પ્રીયા તણા વીયોગમાં હું જાઉં છું મરી—નહી૦
મુરાદ પ્યાર ના મળ્યો મને હરી
અપાર દુખમાં પડી છે પ્યારી માહરી
વીશેષ દુખથી થશે હવે હરી હરી—નહી૦
દુખી થયો હું દુષ્ટ પ્યારીને દુખી કરી
થઇ ભ્રષ્ટ સ્વર્ગ મુત્યુથી મરૂં હરી.—નહી૦

સોરઠો.

વળજે સોન સુજાણ, હું સુતો છેલ્લે સાથરે;
પામી નહિં તું પ્રાણ, અધ ઘડીએ આરામની.

સો......ન......સો......ન આટલા શબ્દો બોલતાં પ્રાણ ચાલ્યો જાય છે (પડદો ઉપડે છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રણસંગ્રામ.

પાત્ર—શીયાજી, પ્રધાન, સેનાપતી, લશ્કર વીગેરે.

શીયાજી—પ્રધાનજી ! મને સમાચાર મળ્યા હતા કે તમો તો દુશ્મનથી ડરી ચાલ્યા ગયા છો.

પ્રધાન—અન્નદાતા! એ શું બોલો છો. આપનું લુણ ખાઇને આપ નહી હોવાથી સેનાપતીને લશ્કર તૈયાર કરવાનો હુકમ કરી તઇઆર હતાં તેટલાં માણસોને લઇને હું અહી આવ્યો.

(સેનાપતી આવે છે)

સેનાપતી—મહારાજા ! તમારૂં લશ્કર તઇઆર છે.

સીયાજી—શાબાસ સેનાપતી સાબાશ છે (એટલામાં દુસ્મનો હોકારા કરતા આવે છે)

સીયાજી—આવો પાપીઓ, સામે થાઓ તઇઆર, મારી સમશેરનો સ્વાદ તમોને ચખાડું (લડાઇ શરૂ થાય છે. શીયોજી મરાય છે. મરતાં મરતાં બોલે છે) સોન ! સોન ! તારા પતી થવાનો વખત ના મળ્યો પણ મારા કૃત્યના ફળ મને મળી ચુક્યા. અરે મેં વીષયાંધ તને સતીને દુઃખ દેવામાં બાકી રાખી નહી. હું રૌ રૌ નર્કનો અધીકારી થયો, સ્વર્ગનું સુખ પરહર્યું. હાય હાય હાય ! ઇશ્વર ! તું મારા તમામ દોષ માફ કરજે.

પ્રીય પુત્ર હલામણ! તારી શુદ્ધ ભક્તિ છતાં તને દેશપાર કરી દુઃખ દીધું. હાય! હાય! (પ્રાણ ચાલ્યો જાય છે, લશ્કર પાછું ફરે છે).

પ્રવેશ ૭ મો.

સ્થળ—જંગલ.

પાત્ર—હલામણ, સોન, દાસી વીગેરે.

સોન--અરેરે! ઓ વહાલા પતી! હું ઘણા દીવસ જંગલમાં ભટકી છેવટ અહીં સુધી આવી પરંતુ આપનો પત્તો મળ્યો નહી. આપ તો ખરે દીનદયાળુ છો. દીનદારને દુઃખી કરવાવાળા છો. નિર્બળ નારીને નેહમાં ડુબાવી ચાલ્યા જતા જરા પણ અચકાયા નહી કે આ નાદાન દાસીની અરજ જરા પણ દીલમાં ન આવી? પતી! આપ વીના આ નીરાધાર અબળાને વિશ્રાંતિ કોણ છે. હવે તો દુઃખથી છેક કંટાળી ગઇ છું, વહાલા વનીતાની વીનંતી ઉરમાં ધરી સત્વર મળો નહી તો હવે આ ફાની દુનીયા વીષ સમાન લાગે છે. હવે મારાથી આપના વીયોગનું દુઃખ સહન થતું નથી. પતી! મારા પુન્યશાળી પતી! સતીની સત્યતા જોવા માટે કસોટી કરતા હશો. વહાલા હદ બહાર ગઇ છે. કસોટી બહુ ન હોય. હેમ તે હેમ, કથીર તે કથીરજ નીકળે. આપતો જાણતા હશો કે સોન હજુ મહેલમાં મજા માણે છે પણ નાથ! મજા કોનાથી? આપ વીના મજા કરાવનાર કોણ. રંગમાં રમાડનાર રશીયો તો રીસાયો છે. કામાગ્નિને શાન્ત કરનાર કંથ ક્યાંઇ સંતાયો છે. સ્વામાને સુખ આપનાર

છબીલો છેતરી ચાલ્યો ગયો છે. માનુનીના મન માનીતા મોહન મશ્કરી કરવામાં મચી રહ્યા છે. દાસીને દર્શન દેનાર દીલદાર દુર જઈ બેઠા છે. વનીતાનો વાલો વીદેશમાં વ્યતીત દીવસો કરે. બસ કરો વહાલા બસ કરો. જો દુર રહેવા ધારતા હો તો મને ખબર આપો. અબળા ઉપર અભાવો થયો હોય તો અદ્રશ્ય ખુશીથી રહો. પ્રીય ઉપર પ્રીતિ ન હોય તો મળવાને વીલંબ કરો. દારાને દુઃખી જોઈ દુઃખી થતા હો તો દુરજ રહેજો. વનીતાની વીનંતી ધ્યાનમાં ન આવે તો ધન્ય છે. પતી બસ છે. પ્રીતીની શીમા ભરાઇ રહેશે. આનંદની અવધી આવી રહી ગણાશે. પ્રેમનો ચડેલો પહાડ પૃથ્વી પર પડી જશે. આશાના અંબાર આળસી જશે. આપની અણુગમતી પ્રીયા પ્રાણને ત્યાગ કરશે. શું આટલી દલીલ પણ ધ્યાનમાં નથી આવતી. આવો પ્રાણધાર આવો. વિશેષ ના સતાવો. શા માટે શ્યામાને સતાવો છો. કદાચ મારા પ્રત્યે અભાવ હોય તો મારા મોઢે આવીને કહો પછી હું આપના નામની માળા જપી દીવસ વ્યતીત કરીશ ને આપને આશીષ આપીશ પણ તમો મને મુંઢ મારથી શા માટે મારો છો. વહાલા વીચારો જે સ્ત્રી પતીથી દુર તેની શી ગતિ થાય છે. આપ તો ડાહ્યા છો. સમજુ છો છતાં દુર શા માટે રાખો છો. કાલી ઘેલી તો પણ આપની દાસી છું. અર્ધાંગના છું. ચર્ણની સેવા કરવાવાળી લોંડી છું. તો તેના તરફ લક્ષ આપો ને સત્વર મળો (મુર્છા આવે છે)

(દાસી પવનથી જાગૃત કરે છે)

દાસી—બા ! શુરી ક્ષત્રાણીઓના અંતઃકરણ આવા નિર્બળ

હોતા હશે કે! જો સંકટ સમયે ધીરજ ના ધરે તો વીપતીયોના પહાડમાં અથડાતા શી વાર! માટે ધીરજ ધરો.

સોન—ધીરજ કેટલી? ક્યાં સુધી?

દાસી—બા જ્યાં સુધી ઈશ્વરે દુઃખ માંડયું હશે ત્યાં સુધી ભોગવવું પડશે.

સોન—ઠીક બહેન જલ્દી પાણી લાવ મારો કંઠ સુકાય છે.

દાસી—લ્યો બા સામેના બગીચામાંથી લાવું છું (જાય છે.) (બગીચામાં આવી) અરે અહી કોઇ માનવી જણાતું નથી પરંતુ આ કોઇ સૂતુ છે (પાસે જઈ તપાસે છે).

અરેરે હાય હાય આતો હલામણ કુંવર પોતેજ છે. બસ હવે દુઃખની હદ વળી ગઇ. ચાલ મારી બા પાસે જઈ ખબર આપું (જાય છે.)

સોન—(દાસીને રોતી આવતી જોઇ) કેમ બેન રડે છે પાણી ના મળ્યું. ખેર ચિંતા કર નહી.

દાસી—બાઇ સાહેબ! જુલમ થઈ ગયો.

સોન—શું જુલમ થયો. જલ્દી કહે.

દાસી--બાઇ કહેતા જીભ ઉપડતી નથી.

સોન--બેન મારી ધીરજ રહેતી નથી જલ્દી કહે.

દાસી—બા જેના માટે આપણે ભટકીએ છીએ તે તો આ બગીચામાં મર્ણ પામ્યા છે.

સોન--હર હર શંભુ (મુર્છા ખાય છે. દાસી સાવધ કરે છે)

દાસી--આપણાં તકદીર ફુટી ગયાં તેમાં કોનો ઉપાય.

સોન—ચાલ દાસી કયાં છે મને બતાવ.

દાસી—ચાલો બા! (બન્ને જાય છે).

સોન—ક્યાં છે મારા પ્રાણેશ!
દાસી—બા આ રહ્યા. (બતાવે છે.)
સોન—વહાલા પ્રાણ શું પ્રેમદાને પરહરી કે,
અહો અવીનાશી દાસી આપની દુઃખી,
પતીથી મેળવી ક્યારે કરશે સુખી
પામી છું અપાર કષ્ટ પુર્ણ આથડી,
આ દેખી નથી મેં આનંદની ઘડી,
જોયું નથી સંસારનું સુખ દ્રષ્ટિથી,
તમને તપાવ્યું છે વિયોગ કષ્ટથી
પપિણી હું પ્રેમદા અનાથ એકલી
માત ધરો તાત વિભુ આપને વહી.

સોરઠો

હલામણ હિલોળ, આજ દુઃખના દરીયા છલ્યા,
આપણી પાંજરકી પોળ, વીશાવશી વેણુંના ધણી.
સકતે નાખેલ ચોટ, હલામણને અચંબો હુવો,
કેરો હલકો કોટ, જાવા કારણ જેઠવો.

સાચી પ્રીતિવાળા સ્વામીનાથ! મેં તમોને દુઃખ દેવામાં બાકી રાખી નથી, સ્વદેશ ત્યાગ કરાવ્યો, જંગલમાં ભટકાવ્યા તે દુઃખો સહન કરાવનાર અભાગણી હું પોતેજ. બસ વહાલા મારા દુઃખની સીમા આવી રહી છે, દાસી જલ્દી કાષ્ટ લાવ મારા પ્રાણ પતીથી મને છેટું પડે છે, મારે તેના સાથેજ બળવું છે.

દાસી—હા, ત્યારે હું બચીશ ખરી કે?

(નાગકે બચ્ચે નાગ હુંસે પ્યાર નહિ રખતા—એ રાગ)

જીવીશ હું નહી જરૂર આપને તજી
નથી જરાય સ્વાર્થ હું આપને ભજી—ટેક.
જતા શરીર આપનું શું હૂં જીવી કરૂં
જીવે પવિત્ર પ્રીતીવાન જગતમાં હજી
બળી આપના બળ્યા પછી ચિતામણી,
ગણી અસાર જગત શુદ્ધ સત્યને તજી.

સોન—બહેન ધન્ય છે તારી ભક્તિને પરંતુ અમારી ખબર તારા વીના બીજું કોણ રાખશે માટે બેન ધીરજ રાખજે ઇશ્વર પાસે મારી માગણી છે કે જ્યાં હૂં જન્મ લઉં છું ત્યાં તારા જેવાં સ્નેહી સાંપડો. લાવ જલ્દી કાષ્ટ લાવ.

દાસી—જેવી આજ્ઞા (કાષ્ટ લાવે છે) ચેહમાં હલામણને સુવરાવી સોન વિલાપ કરે છે.

સોન—

જુલમ આ શો જગપતિ કરીયો
રેલાવ્યો શું મુજ શીર દુઃખ દરીયો—ટેક

દયા કેમ નાવી કેમ તને મારી, નીરાધાર દુઃખી નારી;
પતિ તણી પેર શું વિસરી, જુલમ આ શો૦
મહાદુઃખ વેઠતી સુખ લેવા, પ્રિતમને પ્યારનું સુખ દેવા;
હવે મુજ હાલ હશે કેવા જુલમ આ શો૦
નથી મુજ બેલી હવે કોઇ, મરીશ મહા રાનમાં હું રોઈ;
પ્રીયા પાણ નાથ દગે જોઇ. જુલમ આ શો૦

(લલિત છંદ)

અરર ! હાય ! ઓ પ્રાણના પતી ! દુખીણી તેં કરી મુજને અતી.

હૃદયનું સહું હેત હારીને, પરહરી પ્રભુ કેમ પ્યારીને.
મળી હજી કદી આપને નથી ! વિરોધ વાક્યને હું હજી વદી
વિણુ ગુન્હે ઉરે રીસ ધારીને, પરહરી પ્રભુ કેમ પ્યારીને.
અવગુણે ભરી છું હું સુંદરી, મુજ ક્ષમા કરો વાંક એ હરી.
અબળાને અમિ માર મારીને, પરહરી પ્રભુ કેમ પ્યારીને.
પ્રીતમને હણી સુખ ચાખીશું, ઉર વિષાદને દુર નાખીશું.
અરર એ સહુ આશ બાળીને, પરહરી પ્રભુ કેમ પ્યારીને.

સોરઠો

હાલાની હદમાં મેં વહાલી વસ્તુ વીસારી.
હઇડા કેરો હું હારી બેઠી હલામણો. ૧
હલામણને હઇએ ખોડચ ખટકીયાં,
કરવા સ્વર્ગે સાથ બળવું બરડાના ધણી. ૨
અણઘટતું કરી આમ જાવું નહોતું જેઠવા,
નારીનું ધરી નામ તજવી નહોતી તરૂણી. ૩
બન્ને મીઢોળ બંધીયા હલામણને જ હાથ,
વળી સોનલનો સાથ બળશે કેમ બરડાનો ધણી. ૪
ડુંગર ઉપર દા બળે ખન ખન ગરે અંગાર,
જાકી હેડી જલ ગઇ તાકા બુરા હવાલ. ૫
હાલાને હદમાંય આજ પીઠી ભર્યો પોઢાડીઓ,
મીઢોળ છુટયાં મશાણ હું હારી બેઠી હલામણો. ૬
નીર ન બોલે કાષ્ટકું કેસી ઉનકી રીત,
આપનો સીંચ્યો જાનકે એહ એક બડુકી રીત. ૭
જીસકો બોલે બંધ, મર્મ નહી મનમાંય,
તાકા સંગ ન કીજીએ, છોડ ચલે બનમાંય. ૮

એકદમ અગ્ની મુકી અંદર પડવા જાય છે ત્યાં યોગી આવી અટકાવે છે. સોન તેને પગે લાગે છે.

યોગી—ક્યું બચ્ચા કાયકો અગનીમેં પડકે જી નીકાલતી હય ?

સોન—મહારાજ ! આ મારા પ્રાણપતી મર્ણને શરણ થવાથી મારે જીવીને શું સુખ માણવું છે.

યોગી—બેટી ! ક્યા હુવા તેરે પતીકો.

સોન—મહારાજ ! ખબર નથી પરંતુ ઝેરી જનાવરના ડંશના જેવું માલમ પડે છે.

યોગી—[તપાસીને] દેખ બચ્ચા ઉસકો તીન દીન તો હુવા અબી ઝેર નીકાલ દેતા હું. તુમ જરા પાની લાવ.

સોન—દાસી જલ્દી પાણી લાવ.

દાસી—આગ્યા બા લાવું છું [જાય છે, પાણી લઇ આવે છે].

યોગી—[કાંઇ મંત્ર બોલી છાંટે છે.] હલામણ ઉભો થાય છે.

હલામણ—સોન સોન ! ક્યાં ગઇ સોન ?

સોન—આ રહી પ્રાણેશ ! દાસી હાજર છે.

હલામણ—વહાલી ! તું અહિ ક્યાંથી.

સોન—પતી ! પાપીના હાથથી છુટી જંગલમાં રખડતી અહીં આવી. દાસીએ તમને જોયા. હું આવી કલ્પાંત કરી બળવા તૈયાર થઇ હતી ત્યાં મહારાજે આવી મને બચાવી આપને સજીવન કર્યો. આપણે આ મહારાજ કે જે પોતેજ સ્વયંભુ છે તેની સ્તુતિ કરીએ.

હલામણ—શાબાસ પ્રીયા ! તને સતકોટી શાબાશ છે, ચાલો.

સોન—ચાલો પ્રાણેશ.

[નાથ કૈસે ગજકો બંધ છોડાયો]

નમું ઉમયા હર આનંદકારી અભિવંદન લેજ્યો સ્વીકારી–ટેક

અમ તણી દીન વાણી દયાળુ લ્યો છો સદા ઉર ધારી
અધમ ઉધારણુ કારણ જગના, ત્રીગુણાત્મા ત્રીપુરારી. નમું૦
ભક્ત વત્સલ ભવ ભયહર છો એક અને અવિકારીરે,
આદિ અનાદિ અમર આજ ઇશ્વર નૌતમ લીલા ધારી. નમું૦
વિશ્વપતી મુજ વારે ચડીને આ ઘડી લીધો ઉગારી,
દુઃખ સહુ દુર કરી સુખ આપ્યું અધમને લીધો ઉગારી. નમું૦

યોગી—બચ્ચા! તુમારા કલ્યાણ હુવે. અબ તુમેરે રાજમેં જાવ ઓર રાજ કરો. અબ મેં જાતા હું.

હલામણ—જેવી આજ્ઞા, આપ પધારો (યોગી જાય છે). પ્રીયા! હવે ચાલો પુઇબાની રજા લઇ સ્વદેશ જઇએ. મારા પીતાશ્રી મરણ પામ્યા જેથી પ્રજા મારી રાહ જોતી હશે.

સોન—પધારો પ્રાણાધાર. (જાય છે પડદો પડે છે.)

સર્વે પાત્રો સ્તુતિ કરે છે.

રાગ—ઇંગ્રેજી વાજામાં ગવાતી ઢબનો—કલ્યાણ

ભારત ભૂમિના માતને કરી પ્રણામ વારંવાર,
કરી પ્રણામ વરંવાર, હર્ષ ઉર ધારી અપાર—ટેક

નીતિનું વિચિત્ર સહુ સ્વદેશીઓને મિત્ર,
ધારવા ઉરે પવિત્ર ભજવ્યો ખેલજ ધારી પ્યાર— ભારત૦

ટાળવા કુસુંપ કલેશ સંપ સ્થાપવા હમેશ,
દેશ ઉન્નતિ વિશેષ પામવા ઉચ્ચાર

જોઈ ખેલ દેશી મિત્ર ચાહશો સ્વદેશ હીત
ઐક્યતા ગ્રહો ખચીત છોડી વ્હેમ વિચાર— ભારત૦

આજ ઇનામીઓની પાસ અરજ કરીને પુરી આશ૦
દેશ સહુ વિનાશ સુસેન ગ્રહણ કરશો યાર.

ભુલચુકની તમામ માફી માગીએ આ ઠામ,
પ્રેમથી પ્રણામ લઇ સઉ રજા આ વાર— ભારત૦

સમાપ્ત.

સચિત્ર ત્રિકાળ જ્ઞાન-દર્શક

અથવા અદ્દભુત વિદ્યાઓનો મહાસાગર

[ગ્રંથ પહેલો]

આ પુસ્તકમાં નીચેની ૧૪ વિદ્યાઓ આપી છે. જેમાં ૪૨૦ પૃષ્ઠ, ૧૩૮ પરિચ્છેદો, ૯૬૯ બાબતોની માહિતી, ૧૦૯ ચિત્રો તથા આકૃતિઓ આપી છે. આવો સંપૂર્ણ વિગતોથી ભરેલો સચિત્ર ગ્રંથ હજી ગુજરાતીમાં બહાર પડયો નથી. આ વિદ્યાઓ સૌ સમજીને ઘેરબેઠા શીખી શકે તથા તેનો ઉપયોગ કરી શકે તેવી રીતે આપી છે. પાકું સોનેરી પુઠું મૂલ્ય રૂ. ૫, વી. પી. થી રૂ. ૫-૯-૦

(૧) **માનસવિદ્યા અથવા મેંટલ સાયન્સ**—પાંચે ઇંદ્રિઓની શક્તિ કેવી રીતે કેળવાય, તેથી કેવાં અદ્દભુત કામો કરી શકાય, અવધાનશક્તિ, સ્મરણશક્તિ, સંકલ્પશક્તિ ખીલવીને તેને ઉપયોગમાં લેવાની રીતો, (૨) **આકર્ષણશક્તિ અથવા પર્સનલ મેગ્નેટિઝમ**—એક માણસ બીજા માણસનું આકર્ષણ-વશીકરણ કેવી રીતે કરી શકે, આકર્ષણશક્તિ ખીલવવા-વધારવા કેવા પ્રયોગો કરવા, આંખના આકર્ષણથી પોતાની ઇચ્છામુજબ બીજાને વર્તવાની ફરજ પાડવી, શરીરની વિજળીક શક્તિનો ભેદભરમ, એ બધું ચિત્રો સાથે સમજાવ્યું છે. (૩) **મસ્તકવિદ્યા અથવા ફ્રેનોલૉજી**—માણસના મસ્તકમાં ભરેલી જૂદી જૂદી ૪૩ શક્તિઓ તેના માથાપર હાથ ફેરવીને ઓળખવાની કળા, માણસના લક્ષણની પરીક્ષા, વીદ્યાર્થીની શક્તિ કયા વિષયમાં કે ધંધામાં ખીલી શકશે તે જાણવાની યુક્તિ, એકંદરે મસ્તકશાસ્ત્રી બનાવા માટે આ વિદ્યા પુષ્કળ ચિત્રો સાથે

સમજાવી છે. (૪) **માનસસંદેશ વિદ્યા અથવા મેન્ટલ ટેલી-પથી**—દૂર રહેલા બે ચિત્રો વચ્ચે માનસિક સંદેશા કેમ ચલાવવા, બીજાના વિચારો પારખી કાઢવા અને વાંચવા (થોટરીડીંગ), મારણ મોહન, વશીકરણનો ભેદ, નેત્ર–વાણી–ઇચ્છા બળનો ઉપયોગ કરવાની રીતો, મેન્ટલ ફોટોગ્રાફી ઇત્યાદિ બાબતો ચિત્રો સાથે સમજાવી છે. (૫) **મોહીની વિદ્યા** અથવા મેસ્મેરીઝમ–મેસ્મેરીઝમ શીખાને પાત્રને કેવી રીતે ઉંઘાડવો, તેની પાસેથી પોતાની ઇચ્છા મુજબ કામ લેવું, પશુ–પક્ષીઓ પર તરેહ તરેહના પ્રયોગો કરવા, નજરબંધીની રીત, કપાલમોહન કરવું, પાણી અને કપડું મંતરવાની રીત, મેસ્મેરીઝમથી દર્દો મટાડવાની રીતો, વિનોદના ચમત્કારિક પ્રયોગો, હીપ્નોટીઝમ શીખવું, ઇત્યાદિ અનેક ચિત્રો સાથે આપ્યું છે. (૬) **પ્રેતાવાહન વિદ્યા અથવા સ્પિરિચ્યુએલિઝમ**—ભૂતપ્રેત એટલે શું, તે સાચાં છે કે જુઠાં તેની સ્થિતી અને પૃથ્વી સાથેનો સંબંધ, ભૂતોનું આવાહન કરવાની રીતો, ભૂતો અને મંત્રોનો સંબંધ, ભૂતોના ફોટોગ્રાફ એ બાબતો સંક્ષેપમાં આપી છે. આ વિદ્યા સંપૂર્ણ શીખવા માટે "સચિત્ર પ્રેતાત્મવિદ્યા" ગ્રંથ વાંચો. (૭) **ત્રિકાળ-દર્શન વિદ્યા**—ત્રિકાળદર્શી વીંટી–આયના બનાવવાની રીત કાજળી પ્લેંચેટ, હજરત, ઇત્યાદિ શીખવવાનો સચિત્ર હુન્નર. (૮) **મંત્રવિદ્યા**–મંત્ર સાચો પડે કે નહિ, તે માટે શું કરવું, મંત્ર કેવી રીતે સિદ્ધ કરવો, દેવતાનો સંબંધ જોવો, જુદાં જુદાં દેવ–દેવીઓના બીજ મંત્રો, સિદ્ધિ સંપત્તિ પ્રાપ્ત કરવાના, દર્દો મટાડવાના, મનઃકામના પુરી કરવાના સંખ્યાબંધ શુદ્ધ મંત્રોનો મહાસાગર. (૯) **યંત્ર-વિદ્યા**—યંત્રોની શક્તિ, સિદ્ધ કરવાનો વિધિ, રોગો મટાડવા, આવતી ચિંતા–વ્યાધિ અટકાવવા, ઇચ્છાઓ પૂરી કરવી, મોહન વશી-કરણ વગેરેના અનેક યંત્રો. (૧૦) **તંત્રવિદ્યા**—મોહન વશીકરણ,

સ્તંભન, અંજન ઇત્યાદિના ઈંદ્રજાલિક–ચમત્કારિક તથા વૈદકવિદ્યામાં પણ ન હોય એવા અદ્દભુત જડીબુટ્ટી ઔષધપ્રયોગો, તેના ઉપયોગ માટેના વિધિ સાથે. (૧૧) સ્વપ્નવિદ્યા—ભૂમિ, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, પશુ–પંખી, ધાતુ ધાન્ય, ઇત્યાદિ અનેક વસ્તુઓનાં સ્વપ્નોનાં ફળ વિગતવાર સમજાવ્યાં છે. અનિષ્ટ સ્વપ્ન હોય તો નિવારણ કરવાની રીત પણ આપી છે. (૧૨) શકુનવિદ્યા–અંગ ફરકવા, કાગડાના શબ્દ વિષે ગરોળી અને કાચીંડાના ચડવા–પડવા વિષે, જૈન શકુનવિદ્યા, છીંક સારાં–માઠાં શુકનની માહિતી, અનિષ્ટ શકુનનું નિવારણ. (૧૩) હસ્તાક્ષર પરીક્ષણવિદ્યા–માણસના હસ્તાક્ષરપરથી તેની ખાસીયત જાણવાની આ વિદ્યા અદ્દભુત છે. અક્ષરના ગુણો વિગતથી સમજાવ્યા છે. ગાંધીજી, કલાપી, સ્વામીહંસ, મહારાણી વિકટોરીયા, શેકસપીયર, આનંદશંકર ધ્રુવ, ટોલ્સટોય, નાનાલાલ કવિ, જમશેદજી જીજીભાઇ વગેરેની સહીઓની આકૃતિઓ આપી તેમની ખાસીયતો ખુલ્લી કરી છે (૧૪) કોકશાસ્ત્ર અથવા રતિવિદ્યા–સ્ત્રી–પુરૂષો અને તેમનાં ગુહ્યાંગો વિષે માહિતી, આસનોની ઓળખાણ તથા ઉપયોગ શક્તિ વધારવાના અને બીજા ગુપ્ત પ્રયોગો, અનિષ્ટ રોગોના ઉપચારો. સ્ત્રી–પુરૂષનાં લક્ષણોની પરીક્ષા, સ્ત્રી–પુરૂષની કુટેવો, ગર્ભાધાન, ગર્ભ પરીક્ષા, વંધ્યા સ્ત્રી માટેના ઉપચારો, મરજી પ્રમાણેનાં બાળકોની પ્રાપ્તિ ઈત્યાદિ બાબતો સમજાવી ઘેર બેઠાં કરી શકાય તેવા પ્રયોગો આપ્યા છે. મળવાનું ઠેકાણું:—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે—બુકસેલર

ત્રણ દરવાજા–અમદાવાદ.

સચિત્ર ત્રિકાળ જ્ઞાન-દર્શક

અથવા અદ્‌ભુત વિદ્યાઓનો મહાસાગર

[ગ્રંથ બીજો]

આમાં નીચેની ૧૪ વિદ્યા આપી છે. ૪૨૪ પૃષ્ટ, ૧૧૩ પરિચ્છેદો, ૧૦૮૬ બાબતોની માહિતી અને ૧૯૪ ચિત્રો તથા આકૃતિઓ આપી છે. સોનેરી પુંઠું. મૂલ્ય રૂ. ૫, વી.પી. થી રૂ. ૫-૯-૦

(૧) સ્વરોદય વિદ્યા—પાંચ તત્ત્વો અને સ્વરનો સંબંધ, સ્વરો ઓળખવાની અને તેની શક્તિ સમજવાની રીતો, પ્રાણવાહક નાડીઓની માહિતી, રોગ મટાડવાના નિયમો, પ્રશ્નનો જવાબ મેળવવાની પ્રતિકૂળ સ્વરને અનુકુળ કરવાની રીતો, વસીકરણનો, ગર્ભનો, વર્ષફળનો, આયુષ્યનો વિચાર, છાયાપુરૂષ દર્શન ઇત્યાદિ **(૨) યોગવિદ્યા**-યોગના પ્રકારો, યોગ શીખવાની રીતો, આસનો, પ્રાણાયામ કરતાં શીખવા વિષે, ધોતી-બસ્તી-નેતી-નોળી-ત્રાટક કરતાં શીખવાની રીતો, મુદ્રાઓ શીખવાની રીતો, ધ્યાન અને સમાધિ શીખવાની રીતો, એ બધું વિસ્તારથી અને સંખ્યાબંધ ચિત્રો આપીને એટલું સ્પષ્ટ સમજાવેલું છે કે તેની મદદથી સહેલાઇથી યોગ શીખી શકાય. **(૩) સૂર્યચક્ર જ્યોતિષ અથવા જન્મ તારીખ ઉપરથી ભવિષ્ય પરીક્ષણ**-ફક્ત માણસની જન્મ તારીખ ઉપરથીજ તેના ગુણ, સ્વભાવ, શક્તિ, મિત્ર, આરોગ્ય, અને ભવિષ્ય જાણવાનું તમને આ ભાગમાં મળી આવશે. **(૪) રમળવિદ્યા**-રમળના પાસા બનાવવાની, પાસા નાંખવાની રીતો, શકુનનો પ્રસ્તાર

કરી તેને આધારે હરકોઇ પ્રકારના પ્રશ્નોના જવાબો સહેલી રીતે મળી શકે છે, રમળ વિદ્યાની બીજી ગુંચવણો આમાંથી કાઢી નાંખીને તે વિદ્યાને સરળ બનાવી છે, એટલે પોતાની મેળે જ તે શાખી શકાશે. (૫) **ત્રિકાળદૃષ્ટિવિકાસ અથવા ક્લેઅર વેયિન્સ**—મનુષ્યની ત્રિકાળ દર્શનની શક્તિ કેળવવાની દેશી અને વિલાયતી અનેક રીતો –ચિત્રો સાથે. વિલાયતી ત્રિકાળદર્શી આયનો, ક્રીસ્ટલ ગેઝીંગ, જળમાં ત્રિકાળદશા, દેશી પદાર્થોના સેવનથી ત્રિકાળદર્શન, ધ્યાન સિદ્ધ કરવાની માહિતી, ત્રિકાળદર્શનનાં દૃષ્ટાન્તો વગેરે. (૬) **સંવત્વર પરિજ્ઞાન**—૬૦ પ્રકારના સંવત્સર, તેનાં જૂદાં જુદાં ફળો, સોંઘવારી, મોંઘવારી દુકાળ જાણવાની રીતો ગ્રહણનું, અમાસનું, અધિકમાસનું, સંક્રાન્તનું શુભાશુભ ફળ, હોળીપરથી વર્ષફળ, ગુરૂ–શુક્ર–શનિ–અને બીજાગ્રહોની ગતિ ઉપરથી આખા વરસનું ફળ જાણવાના રીતો, મેઘગર્ભનો વિચાર રાજા–મંત્રી–રસકસના સ્વામીનું ફળ, જૂદી જૂદી ચીજોની તેજી મંદી વિષે, વર્ષફળ તૈયાર કરવાની સહેલી રીત વગેરે (૭) **મુહૂર્ત પરિજ્ઞાન**—ગર્ભાધાન સીમંત, નામકર્મ, અન્નપ્રાશન, મુંડન, નિશાળે બેસાડવાનું ઇત્યાદિ જાતકર્મ સંસ્કારનાં અનેક મુહૂર્તો; ઘર બંધાવવા, થાંભલો રોપવો, મોભ ઘાલવો, બારસાખ ઘાલવી, વાસ્તુ કરવું, દુકાન માંડવી વગેરેનાં મુહૂર્તો; યાત્રા કે પ્રવાસે જવા માટેનાં અનેક પ્રકારનાં મુહૂર્તો ખેડુતોને માટેનાં મુહૂર્તો જેવાં કે હળ ચલાવવું, બીજ ઓરવાં, ઝાડ રોપવાં, નવું ગાડું ચલવવું, વગેરે, સ્વરશકુન છાયાશકુન, પિંગળાશકુન અંગ ફરકવું, છીંકનાં શુકન, આંખ ફરકવી વગેરે સ્વપ્નસાર શુભાશુભ સ્વપ્નો, દેવ પ્રતિષ્ઠાનું મુહૂર્ત, રાજ્યાભિષેકનું મુહૂર્ત, મંત્રસાધનનું મુહૂર્ત, ચાહના પ્યાલા ઉપરથી જોવાનું શુભાશુભ ફળ, ધ્રુવાંક ઉપરથી પ્રશ્નફળ, ગૌતમ પ્રશ્નાવલિ, ઇત્યાદિ. (૮) **જાદુવિદ્યા**—જાદુગરે શીખવાની ચતુરાઇ, ગંજીફાના સંખ્યાબંધ ખેલો, હાથચાલાકી કરતાં શીખવાની

સચિત્ર સમજુતી, કરામતવાળા ગંજીફા, રસાયનીક જાદુના સહેલા અનેક ખેલો, યાંત્રિક સાધનો વડે કરવાના ખેલો અને એ યંત્રો બનાવવાની સમજૂતી, રૂપીયાને બોલાવવો, એક ટેકરાપર માણસને સુવાડવો, બંદુકની ગોળી ઝીલવી, બાંધેલા હાથ છોડી નાંખવા, બાટલી ને ગ્યાસ અદલ બદલ કરવા, જાપાનીઝ જાદુઇ પેટી, આશરે જુદા જુદા ૭૦ ખેલો. (૯) **મંત્રવિજ્ઞાન વિદ્યા**–મંત્રના પ્રયોગો માટે કામવાર અંગુલિનો નિર્ણય, યક્ષિણીઓને શોધવાના મંત્રો, રાજા–સ્ત્રી–પતિ–ભૂત–ઇત્યાદિને વશ કરવાના મંત્રો, શત્રુ-શસ્ત્ર–અગ્નિ જળ–આસન–મેઘ–ચોર–દષ્ટિ વગેરેનું સ્થંભન કરવાના મંત્રો, મોહન ઉચ્ચાટનના મંત્રો, શાન્તિકરણના મંત્રો, મુસલમાની મંત્રો, દાટેલું ધન દેખવાનો, ચોર પકડવાનો, ભૂત ઉતારવાનો, ધનવૃદ્ધિનો કાર્ય-સિદ્ધિનો, વેપારમાં લાભ મેળવવાનો, વિદ્યાવૃદ્ધીનો, દર્દો મટાડવાના મંત્રો, અદ્દશ્ય થવાનું અંજન, સર્પ નસાડવાનો, વીંછી ઉતરવાનો, વિષનિવારણનો મંત્ર વગેરે આશરે દોઢસો મંત્રોના પ્રયોગો. (૧૦) **મંત્રસાધનવિદ્યા**–જૂદી જૂદી જાતના સિદ્ધવીદ્યા મંત્રો તે સિદ્ધ કરવાની વશીકરણ, મોહન સ્તંભન ઇત્યાદિના મંત્રો, વંધ્યા ગર્ભ ધારે, તાવ દુર થાય, રાજસભામાં માન મળે, ભૂતનો ભય દુર થાય, જુગારનો દાવ જીતાય, ઘરમાં સાપ આવે નહિ, વિષયમાં મસ્તી, કંઠમાળ જાય, અનેક જાતના તાવ મટે, તે માટેના મંત્રો, શીતળાનો–કાકાનો–હનુમાનજીનો મંત્ર, એકંદરે પુષ્કળ મંત્રો આપ્યાં છે. (૧૧) **મંત્રપ્રયોગ સંગ્રહ**–વશીકરણ, મોહન સ્થંભન, પ્રાહ્મણ, ઉચ્ચાટન આકર્ષણ ઇત્યાદિના તાંત્રિક પ્રયોગો; ઇંદ્રજાલિક ચમત્કારિક પ્રયોગો જેવા કે જળમાં તારા દર્શન, મરેલો દેડકો બોલે, જમતાં છતાં પેટ ન ભરાય, બગડેલું ઘી સુધારવું, જુદી જુદી જાતના ગુપ્ત અક્ષરો, જાદુઇ સાણુ, પાંચ પ્રકારના રંગ બદલવા, એક ડાળીપર અનેક જાતનાં ફુલો, વૃક્ષ ઉપર દીપમાળા પ્રગટવી, વૈદ્યકના પ્રયોગો જેવા કે દમનો, કાનના

દરદનો ગર્ભ રહેવાનો, ખરમીયાનો, નસા દુર કરવાનો, ઇન્દ્રલુપ્ત રોગ માટે, વાળ વધે, તેના ઉપાયો. મદનમોદક, યોનિસંકોચનના ઉપાયો, સ્તનવૃદ્ધિના ઉપાયો, દાંતના રોગના ઉપાયો, જૂદા જૂદા જંતુઓના વિષનું નિવારણ, અફીણના વિષનું નિવારણ, આધાશીશી–હેડકી–ખાસ વગેરેના અનેક ઉપાયોનો સંગ્રહ. (૧૨) હસ્તસામુદ્રિક વિદ્યા —હાથના પોંચાની અને હાથમાંની રેખાઓ, ચિન્હો, વગેરેની ઓળખ તે ઉપરથી માણુસનાં લક્ષણો, સ્વભાવ, ભવિષ્ય, રોગ, વગેરે વર્તવાની વિદ્યા. આ વિદ્યાને જોઇતાં ચિત્રો મળે એટલી સહેલી અને સ્પષ્ટ બનાવી છે કે થોડા વખતમાં એ વિદ્યામાં પારંગત થઈ શકાશે. (૧૩) મુખસામુદ્રિક વિદ્યા––નાક, મોઢું, ઓઠ, આંખ, પોપચાં ભમર, દાઢી, હડપચી, ગાલ, કાન અને કપાળ માત્ર માણુસના મ્હોં ઉપર નજર કરીને જ ઓળખી લેવાની અને તેનો સ્વભાવ શક્તિ ખાસીયત ઇત્યાદિ જાણી લેવાની સ્હેલી રીતો જુદાં જુદાં અવયવોની ૬૦ આકૃતિઓ સાથે સંપૂર્ણ સમજાવી છે. (૧૪) દાંપત્ય વિજ્ઞાન-વિદ્યા—કામબીજ વિષેનું અજ્ઞાન, સંસાર સુખપર થતો આઘાત અને તેનાં કારણો, પ્રેમકળા અને પ્રેમચેષ્ટા, સ્ત્રીની કામવાસનાનો નિયમ તેની ભરતી તથા ઓટ બતાવનારો નકશો, સ્ત્રી પુરૂષનાં ગુહ્યાંગોની રચના, સમાગમનું પ્રમાણ, અનુકૂળ અને પ્રતિકૂળ સમાગમની સમજ, સમાગમ માટે સ્ત્રીની તૈયારી, સુખાસન કયું ? સમાગમના શારીરિક લાભ, અપૂર્ણ સમાગમનાં માઠા પરિણામ, સગર્ભાવસ્થામાં સમાગમ, ગર્ભવતીને થતી ઉલટી, વંધ્યત્વના ઉપાયો, સંતતિ નિયમ ઇત્યાદિ.

મળવાનું સ્થળ:––

ચોપડીઓ વેચનાર બુકસેલરો માટેજ

વેપારી બરના દરેક જાતના પુસ્તકો અમારે ત્યાં હમેશાં ઘણ મોટા જથામાં તૈયાર હોય છે.

નવી નવી એટલી બધી જાતો છે કે તે સર્વ કોઇ ઠેકાણે જો પણ મળે તેમ નથી

ઘણાખરા પુસ્તકો રંગીન ચિત્રોવાળા અને સુંદર ડીઝાઇન ભપકાબંધ પુંઠા સાથે તૈયાર છે.

ગમે ત્યાંથી તમે પુસ્તકો ખરીદ કરો તે વખતે અમારા છપાં પુસ્તકો જરૂર નમુના સારૂ જોવા માગજો અમારા છપાવેલા પુસ્તં નમુના જોયા પછી તમને બીજાના છપાવેલા પુસ્તકો ગમશેજ અમારા છપાવેલા પુસ્તકો બીજા છપાવનારાઓ તરફથી ગ્રહાક બુક.. રોને વેચવા પરવડતા નહી હોવાથી તેઓ અમારા છપાવેલા પુસ્તકો ગ્રહાક બુકસેલરોને બતાવતા નથી અને જણાવે છે કે સદર પુસ્તકો મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેના છપાવેલાજ નથી.

અમોયે દરેકે દરેક વેપારીબરનું પુસ્તક છપાવી તૈયાર કરાવેલું છે.

અમારા છપાવેલા પુસ્તકોના નમુના બીજે ઠેકાણે જોવા ન મળે તો અમારે ત્યાં એવા નમુના જોવા સારૂ તૈયાર બાંધી રાખેલા છે તે જોવા પછી ગમે તે વેપારી પાસેથી તમારી સગવડે તે પુસ્તકો મંગાવો

હરીફાઈ કરનારા વેપારીઓ સારૂજ અમોએ આટલા સસ્તા ભ... રાખ્યા છે. ઉપરનો માલ સુંદર અને ભપકાબંધ તૈયાર કરવામાં આવ્યો

અમો ઘણા મોટા જથામાં પુસ્તકો છપાવતા હોવાથી અ... તા વેચવા પરવડે છે.

અમારા પોતાનાજ છપાવેલા ઘણી જાતના પુસ્તકો હોવ... વખત ઘણી થોડી જાતના પુસ્તકો છપાતા હોય કે બંધાતા ... ચાલ્યાં કરે છે. તેથી ગ્રાહકોએ અસંતોષ માનવો નહી.

...તકો જલદી તૈયાર કરાવવા તરફ અમારાથી બનતું કરવામાં આવે ...ણા મોટા પ્રમાણમાં પુસ્તકો વેચાતા હોવાથી આવી સ્થીતી બે જાતના માટે થાય તે તરફ વેપારીઓ દરગુજર કરશે.

વેપારી બરના જથાબંધ પુસ્તકો મળવાનું ઠેકાણું.

મહાદેવ રામચં... જાગુષ્ટે, ત્રણ દરવાજા-અમદાવાદ